અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ જાન્યુઆરી ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ આઠમ | અંક : ૧૬૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### શેરબજારમાં એચડીએફસી બેન્કના શેરમાં ૮ ટકાથી વધુની નબળાઈ નોંધાઈ, મોટાભાગના બેન્કિંગ શેર શેરબજારના ટોપ લુઝર્સમાં સામેલ હતા

# સેન્સેક્સમાં ૧૬૨૮, નિફ્ટીમાં ૪૭૩ પોઈન્ટો કડાકો

। મુંબઈ, તા.૧૭ ।

શેરબજાર બુધવારે ભારે નબળાઈ સાથે સમાપ્ત થયું. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૪૭૩ પોઈન્ટ ઘટીને ૨૧૫૫૯ ના સ્તર પર આવી ગયો છે જ્યારે બીએસઈસેન્સેક્સ ૧૬૨૮ પોઈન્ટની નબળાઈ સાથે ૭૧૫૦૦ ના સ્તર પર બંધ થયો છે. બુધવારના ટ્રેડિંગમાં એચડીએફસીબેંકના શેરમાં ૮ ટકાથી વધુની નબળાઈ નોંધાઈ હતી અને તે ૧૫૪૦ રૂપિયાના સ્તરે બંધ થયો હતો. મોટાભાગના બેંકિંગ શેર શેરબજારના ટોપ લુઝર્સમાં હતા. બુધવારે એચડીએફસી બેન્ક,



આસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, કોટક બેન્ક, SBI અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેરમાં નબળાઈ નોંધાઈ હતી, જ્યારે એચસીએલટેક, એસબીઆઈલાઈફ, એલટીઆઈ માઈન્ડટ્રી, ટીસીએસ, ઈન્ફોસીસ, ટેક મહિન્દ્રાઅને એપોલો હોસ્પિટલ્સના શેરમાં વધારો નોંધાયો હતો. બુધવારે શેરબજારમાં ભારે ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૧૬ મહિનામાં સૌથી મોટા દૈનિક ઘટાડા બાદ શેરબજારનો સેન્સેક્સ ૭૨૦૦૦ની નીચે બંધ થયો છે. બુધવારે, નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી બેંક જેવા તમામ સૂચકાંકોમાં નબળાઈ નોંધાઈ હતી જ્યારે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ નજીવો વધીને બંધ થયો હતો. બુધવારના કારોબારમાં એચસીએલ ટેક, એસબીઆઈ લાઈફ, ટીસીએસ અને એલટીઆઈ માઈન્ડટ્રીના શેર લીલા નિશાનમાં બંધ થયા હતા, જ્યારે એચડીએફસી બેંક ૮.૨૮ ટકાના ભારે ઘટાડા સાથે રૂ. ૧૫૪૦ પર બંધ થયા હતા.

બુધવારે ટાટા સ્ટીલ, કોટક મહિન્દ્રા બેંક અને એક્સિસ બેંક સહિત તમામ બેંકિંગ શેરોમાં ભારે ઘટાડો નોંધાયો છે. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો ગૌતમ અદાણી ગ્રુપની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેરમાં નબળાઈ નોંધાઈ છે. અદાણી એનર્જી સોલ્યુશન્સ ૩.૫૮ ટકાની નબળાઈએ બંધ થયું હતું જ્યારે અદાણી વિલ્મર ૧.૩૭ટકાની નબળાઈએ બંધ થયું હતું. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, ગાર્ડન રીચ શિપબિલ્ડર અને ઈન્ફોસિસ લિમિટેડના શેરમાં વધારો થયો હતો જ્યારે દેવયાની ઈન્ટરનેશનલ, આશાનિષા ઈન્ડસ્ટ્રીઝ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ગરવેર ટેકનિકલ ફાઈબર્સ, મારુતિ સુઝુકી, બજાજ ફાઈનાન્સ, મુથૂટ ફાઈનાન્સ, આઈઆરસીટીસી. ટાટા મોટર્સ, એસબીઆઈ કાર્ડ, પતંજલિ ફૂડ્સ, ફેડરલ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંકના શેર નબળાઈ પર બંધ થયા હતા.

### આરબીઆઈએ નિયમોમાં ફેરફાર કર્યા

# રિઝર્વ બેન્કે નિયમમાં ફેરફાર કરતા ફેબ્રુઆરીથી પર્સનલ લોન મોંઘી થશે

### અસુરક્ષિત લોનમાં ભારે વધારાથી આરબીઆઈએ ગ્રાહક લોન પર રિસ્ક વેટ ૧૦૦% થી વધારીને ૧૨૫% કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

આ વર્ષે પર્સનલ લોન મોંઘી થશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા તાજેતરના નિયમોમાં ફેરફારને કારણે નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (એનબીએફસી) પાસેથી લોન મેળવવી વધુ મુશ્કેલ બની શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અસુરક્ષિત લોનમાં થયેલા ભારે વધારાને પગલે, આરબીઆઈએ ગ્રાહક લોન પર રિસ્ક વેટ ૧૦૦% થી વધારીને ૧૨૫% કર્યું છે. રિઝર્વ બેંકે તમામ નિયમનકારી સંસ્થાઓને ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધીમાં નવા નિયમોનું પાલન કરવાનું પણ કહ્યું હતું. તેનાથી અસુરક્ષિત લોન આપવાનો ખર્ચ વધી જશે. આરબીઆઈએ



ગ્રાહક ધિરાણમાં જોખમ ૧૦૦ ટકાથી વધારીને ૧૨૫ ટકા કર્યું છે. તેનાથી કંપનીનો ધિરાણ ખર્ચ વધશે અને તેની સીધી અસર બેંકના ગ્રાહકો પર પડશે અને તેમને લોન પર વધુ વ્યાજ ચૂકવવું પડશે. આવી સ્થિતિમાં લોન આપનારી તમામ કંપનીઓએ આ નિયમનું પાલન કરવું પડશે, જેના માટે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીની સમયમર્યાદા આપવામાં આવી છે. એટલે કે અગાઉ બેંકે ૧૦૦ રૂપિયાની પર્સનલ લોન પર ૧૦૦ ટકા એટલે કે ૧૦૦ રૂપિયાનું જોખમ રાખવું પડતું હતું. નવા નિયમ હેઠળ હવે તે વધારીને ૧૨૫ ટકા કરવામાં આવી છે. મતલબ કે હવે ૧૦૦ રૂપિયાની લોન માટે બેંકોએ ૧૨૫ રૂપિયાનું રિસ્ક વેઈટેજ રાખવું પડશે. આવી સ્થિતિમાં બેંકો માટે પર્સનલ લોનનો ખર્ચ વધી ગયો છે. જેની સીધી અસર પર્સનલ લોન લેનારા ગ્રાહકો પર પડશે. રિસ્ક વેઈટેડ એસેટએ એસેટ એટલે કે મૂડી સાથે સંકળાયેલ જોખમને માપવા માટે છે, જે લોન લેનારને નાણાકીય સંસ્થાઓ તેના ક્રેડિટ જોખમને આવરી લેવા માટે જરૂરી લઘુત્તમ મૂડી નક્કી કરવામાં મદદ કરે છે.



કેરળના થ્રિસુરમાં થ્રિપ્રયાર શ્રી રામસ્વામી મંદિરમાં માછલીઓને ખવડાવતા નજરે પડતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

## ધુમ્મસથી બે દિવસમાં ૩૦૦ ફ્લાઈટ રદ, ૪૦ હજાર મુસાફરો ઘટ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દેશભરના ઘણા ભાગોમાં કડકડતી ઠંડી સાથે ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે, જેની સૌથી વધુ અસર એર ટ્રાફિકને થઈ છે. કેટલાક દિવસોથી ઘણી ફ્લાઈટો રદ કરાઈ છે અને મુસાફરોની સંખ્યા પણ ઘટી છે. મીડિયા અહેવાલો મુજબ માત્ર બે દિવસમાં ૩૦૦ ફ્લાઈટો રદ થઈ છે, જ્યારે મુસાફરોની સંખ્યામાં ૪૦ હજાર ઘટી ગઈ છે. ફ્લાઈટના સમયસર ઉડ્ડયનની વાત કરીએ તો દેશના ૬ એરપોર્ટ પર ઈન્ડિગોની માત્ર ૨૨ ટકા ફ્લાઈટો સમયસર ઉડી રહી છે. એઆઈએક્સકનેક્ટ (અગાઉ એરએશિયા ઈન્ડિયા)ની માત્ર ૩૦ ટકા ફ્લાઈટો અને એર ઈન્ડિયાની ૧૮.૬ ટકા ફ્લાઈટો સમયસર સંચાલન થઈ રહ્યું છે. ઈન્ડિગો દૈનિક ૧૭૬૦ ડોમેસ્ટિક ફ્લાઈટનું સંચાલન કરે છે, જેમાંથી માત્ર ૩૮૭ ફ્લાઈટો સમયસર છે. અન્ય એરલાઈન્સોની પણ આવી જ સ્થિતિ છે. અહેવાલો મુજબ ૧થી ૧૩ જાન્યુઆરી સુધીમાં ભારતમાં સરેરાશ ૨૮૮૩ ડોમેસ્ટિક ફ્લાઈટોનું સંચાલન કરાયું.

### ગ્લોબલ ફાયરપાવરની યાદી બહાર પાડવામાં આવી

# ભારતમાં વિશ્વની સૌથી ચોથી શક્તિશાળી સેના છે

### યાદીમાં અમેરિકા ટોચે રહ્યું, ટોપ૧૦ દેશોમાં પાકિસ્તાન આ યાદીમાં ઠેઠ તળીયે હોય તેમ ૯મા સ્થાને રહ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતીય સેના વિશ્વની ચોથી સૌથી શક્તિશાળી સેના છે. ૨૦૨૪ માટે તાજેતરમાં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ ફાયરપાવરની યાદીમાં સૌથી મજબૂત સેનાઓની વિગતો આપવામાં આવી છે. આ યાદીમાં અમેરિકા ટોચે રહ્યું હતું. જ્યારે ખાસ વાત એ છે કે ટોપ ૧૦ દેશોમાં પાકિસ્તાન આ યાદીમાં ઠેઠ તળીયે હોય તેમ ૯મા સ્થાને રહ્યું છે. બીજી બાજુ ઓછી શક્તિશાળી સેના ધરાવતા દેશોમાં ભૂટાનનું નામ પ્રથમ સ્થાને છે. ગ્લોબલ ફાયરપાવર મિલિટરી સ્ટ્રેન્થ રેંકિંગ ૨૦૨૪ની યાદીમાં અમેરિકાનું નામ ટોચ પર છે. તેના પછી હાલમાં યુક્રેન સાથે યુદ્ધ લડી



રહેલા રશિયાનું નામ બીજા સ્થાને છે. ચીનને વિશ્વની ત્રીજી સૌથી મજબૂત સેનાનો ખિતાબ મળ્યો છે. તે જ સમયે, યાદીમાં આ ત્રણ દેશો પછી ભારતનું નામ છે. દક્ષિણ કોરિયા પાંચમા સ્થાને છે. આ સિવાય બ્રિટન છઠ્ઠા સ્થાને છે. જાપાન ૭મા, તુર્કી ૮મા, પાકિસ્તાન ૯મા અને ઈટાલી ૧૦મા ક્રમે છે. આ યાદીમાં સૌથી ઓછી સૈન્ય તાકાત ધરાવતા દેશોને પણ સામેલ કરવામાં આવ્યા છે.

## મણિપુરના મોરેહ શહેરમાં દળો અને ઉગ્રવાદીની અથડામણમાં કમાન્ડો શહીદ

। (એજન્સી) ઈમ્ફાલ, તા.૧૭ ।

મણિપુરમાં છેલ્લા ઘણા સમયથી શાંત પડેલી હિંસા ફરી એકવાર ભડકી ઉઠી છે. ટેગ્નોપાલ જિલ્લાના મોરેહ શહેરમાં આજે સુરક્ષા દળોના જવાન અને ઉગ્રવાદીઓ સામસામે આવી ગયા હતા અને બંને તરફથી ગોળીબાર થયો હતો, જેમાં એક કમાન્ડો શહીદ થયો હતો. સ્થાનિક મીડિયામાંથી મળતા અહેવાલ અનુસાર કેટલાક શંકાસ્પદ કુકી ઉગ્રવાદીઓએ આજે સવારે સુરક્ષા દળોની ચોકીને નિશાન બનાવી હતી. ઉગ્રવાદીઓએ પહેલા ચોકી પર ગોળીબાર કર્યો અને ત્યારબાદ બોમ્બ ફેંક્યા હતા, જેના જવાબમાં જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. બંને તરફથી લગભગ એક કલાક સુધી ગોળીબાર થયો હતો. આ અથડામણમાં એક કમાન્ડોને ગોળી વાગી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતક જવાનની ઓળખ ઈન્ફાલ પશ્ચિમ જિલ્લાના માલોમના રહેવાસી વાંગખેમ સોમરજીત તરીકે થઈ હતી. આ ઘટના બાદ સુરક્ષા દળોએ પૂરા વિસ્તારનો ઘેરી લીધો હતો.

### પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને લઈને વિવાદ વકર્યો

# શરદ પવાર રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં હાજરી નહીં આપે

### પવારે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયને પત્ર લખી કાર્યક્રમમાં હાજર નહીં રહી શકે એમ જણાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે ઘણા રાજનેતાઓને આમંત્રણ મોકલાયું છે. તેમાં કોંગ્રેસ સહિત વિપક્ષના ઘણા સાથીઓએ આમંત્રણ ફગાવતાં રામમંદિરના ઉદઘાટન સમારોહને ભાજપનો રાજકીય કાર્યક્રમ ગણાવી દીધો હતો. આ સૌની વચ્ચે વધુ એક દિગ્ગજ અને કદાવર નેતા શરદ પવારે હવે રામમંદિરનું આમંત્રણ સ્વીકાર્યું નથી. રામમંદિરના ટ્રસ્ટે એનસીપીવડા શરદ પવારને અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ મોકલ્યું હતું. તેના જવાબમાં શરદ પવારે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ



ચંપત રાયને પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું કે ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં તો હું નહીં આવી શકું પરંતુ હું મારી જાતે સમય કાઢીને પછીના કોઈ દિવસે દર્શન માટે આવીશ અને ત્યાં સુધી તો રામમંદિરનું નિર્માણ કાર્ય પણ પૂર્ણ થઈ જશે. કોંગ્રેસ, ટીએમસી, શિવસેના (યુબીટી) સહિત વિપક્ષના મોટાભાગના સાથીઓએ આ કાર્યક્રમથી અંતર જાળવવાની જાહેરાત કરી દીધી છે.



### સુરતમાં શાળાની મોટી બેદરકારી

# સુરત શહેરમાં વિદ્યાર્થીઓને સફાઇ કરતા લાગ્યો કરંટ

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

સુરત શહેરમાં ખાનગી શાળાની મોટી બેદરકારી સામે આવી છે. ધોરણ ૬માં ભણતા બે વિદ્યાર્થીઓને શાળાના ધાબા પર પતંગની દોરીની સફાઇ કરવા માટે મોકલ્યા હતા. શહેરની ડિંડોલીની શારદાયતન શાળામાં સફાઇ કરતી વખતે કરંટ લાગતા બંને વિદ્યાર્થીઓ દાઝ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરની શારદાયતન શાળામાં બે વિદ્યાર્થીઓને કરંટ લાગતા દાઝી ગયા છે. આ વિદ્યાર્થીઓ શિવા યાદવ અને શિવમ યાદવ બંને ભાઈઓને શાળાના સંચાલક કુનના તિવારી દ્વારા ધાબા પર સાફ સફાઈ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. જ્યાં સવારના સાત વાગે ધાબા પર આ વિદ્યાર્થીઓને કરંટ લાગ્યો હતો. જે બાદ બંને વિદ્યાર્થીઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા છે. શાળાના સંચાલકો પર એવો પણ આક્ષેપ લગાવવામાં આવ્યો છે કે, શાળાના સંચાલક કુનના તિવારી દ્વારા બળજબરી પૂર્વક આ વિદ્યાર્થીઓને સફાઇ માટે મોકલવામાં આવ્યુ હતા. હાલ આ સમગ્ર મામલે ડિંડોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### એક નંગ લાલ કેળાનો ભાવ ૧૫થી ૨૦ રૂપિયા હોય છે

# કરજણના ખેડૂતે કરી લાલ કેળાની ખેતી, ખાવાના છે અનેક ફાયદા

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

કરજણ તાલુકાના વેમાર ગામ ખાતે આવેલી ૪૦ એકર જમીનમાં રાકેશભાઈ પટેલ ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરી રહ્યા છે. ખેડૂત રાકેશભાઈ પટેલ ગૌમૂત્ર અને નેચરલ ફાર્મિંગ કોન્સેપ્ટથી ફળોની ખેતી કરી સારી ઉપજ મેળવી રહ્યા છે. હાલ તેઓ ૪૦ એકર જમીનમાં ૨૫ પ્રકારના ફળોની ખેતી કરી છે.

ખેતરમાં હાલ આંબા, કેળા, પપૈયા, તરબૂચ, તાડ, લોગન, સફરજન, ચારોળી, નારીયેળી, ચીકુ, મોસંબી, સરગવો, જામફળ, સફેદ જાંબુની ખેતી કરેલી છે. હાલ તેમને લાલ કલરના કેળાની ખેતી કરી છે. રાકેશભાઈ પટેલ ખાનગી કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. હાલ તેમનો પુત્ર પણ ખેતીમાં મદદ કરે છે. રાકેશભાઈ અને તેમનો પુત્ર તપસ્વી પટેલ ૪૦ એકર જમીનમાં ૨૫ પ્રકારના ફળોની ખેતી કરે છે. હાલ ૨૫૦ જેટલા લાલ કેળાના રોપા વાવેલા છે. બીજા ૫૦ જેટલા દેશી અને ઈલાયચી કેળા વાવેલા છે. ઉલ્લેખનીય છે કે, રાકેશભાઈનના પિતા અને દાદા પણ ખેતી કરતા હતા. રાકેશભાઈ પટેલે જણાવ્યું હતુ કે, લાલ કેળાની ખેતી આજ સુધી ગુજરાતમાં કરવામાં આવી નથી. પ્રથમ વખત વડોદરામાં



લાલ કેળાની ખેતી કરવામાં આવી છે. લાલ કેળાની ખેતી કરવા માટે તેમણે દક્ષિણ ભારતમાંથી લાલ કેળાના ટીશ્યુ મંગાવ્યા હતા. લાલ કેળાની ખાસ વાત એ છે કે, તેની છાલ ભલે લાલ કલરની હોય છે પરંતુ તેનો અંદરનો ભાગ પિંક કલરનો હોય છે. લાલ કેળા ખાવાથી અનેક ફાયદા થાય છે જેમ કે, આંખની બીમારી દૂર થાય, મેટાબોલિઝમમાં વધારો કરે, પેટની ઈમ્યુનિટી સિસ્ટમ સારી કરે, ભરપૂર માત્રામાં કેલ્શિયમ આપે, એનિમાનો રોગ દૂર કરે, હૃદય માટે પણ ઉપયોગી સાબિત થાય છે લાલ કેળા. હાલ બજારમાં એક નંગ લાલ કેળાનો ભાવ લગભગ ૧૫ થી ૨૦ રૂપિયા છે. હાલ રાકેશભાઈ પટેલે ૧૫ એકર જમીનમાં પપૈયાના ૧૫૦૦૦ જેટલા છોડ વાવ્યા છે. એક છોડ પર ૪૦ થી ૫૦ કિલો પપૈયાનું ઉત્પાદન થઈ રહ્યું છે. હાલ બજારમાં ૧૦ રૂપિયા કિલોના ભાવે પપૈયાવેચાઈરહ્યાછે.તેઓપપૈયા પંજાબ, હરિયાણા, હેદરાબાદ, દુબઈ, કાશ્મીર, હરિદ્વાર પણ મોકલે છે.



જમાલપુરથી ભડીયાદ ઉર્સ જવા માટે આજે મેદની નિકળી હતી.

# ભારતીય ડોક્ટરે ચૂકવવું પડશે ૧.૪૧ કરોડનું વળતર

### સિગ્નલ પણ ગ્રીન હતું છતાંય અકસ્માતમાં ૬૦% વાંક હોવાના કારણે કોર્ટે વળતર ચૂકવવા માટે આદેશ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

UKમાં ૧૨ વર્ષની એક બાળકીને અડફેટે લેવા બદલ ભારતીય ડોક્ટરને ૧.૩૫ લાખ પાઉન્ડ એટલે કે ૧.૪૧ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. કન્સલ્ટન્ટ ફિઝિશિયન એવા ડૉ. શાંતિ ચંદ્રને સ્કૂલે જઈ રહેલી એક બાળકીને જાન્યુઆરી ૨૦૧૮માં વહેલી સવારે ટક્કર મારી હતી.

આ ઘટના લંડનથી ૬૦ માઈલ દૂર આવેલા બિસ્ટર શહેરમાં બની હતી, જેમાં ડૉ. શાંતિ ચંદ્રનની BMW i3 રેન્જ એક્સટેન્ડર કારની અડફેટે આવી ગયેલી બાળકીનું માથું કારની વિન્ડસ્કીન સાથે અથડાયું હતું અને ત્યારબાદ બાળકી ઉછળીને લગભગ ૧૧ મીટર દૂર પડી હતી. આ ટક્કરને કારણે બાળકીને માથામાં ગંભીર ઈજા થવા ઉપરાંત તેનું કોલર બોન પણ ફ્રેક્ચર થઈ ગયું હતું. બ્રિટિશ મીડિયાના રિપોર્ટ્સ અનુસાર, અકસ્માતમાં ઘવાયેલી બાળકીને ત્રણ દિવસ વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી, અને તેને હોસ્પિટલમાં ૧૦ દિવસ એડમિટ રહેવું પડ્યું હતું. આ અકસ્માત થયો ત્યારે મતલબ કે સવારે ૭.૨૦ કલાકે ડૉ. શાંતિ ચંદ્રન હોસ્પિટલ જઈ રહ્યા હતાં. કોર્ટમાં રજૂ કરવામાં આવેલા ડોક્યુમેન્ટ્સ અનુસાર, ડૉ. શાંતિની કારે બાળકીને અડફેટે લીધી ત્યારે કાર ૪૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી રહી હતી તેમજ તે વખતે વરસાદી માહોલ હતો અને રસ્તા પર અંધારૂં હતું. જોકે, આ અકસ્માત પેડેસ્ટેરિયન ક્રોસિંગ પર થયો હતો, અને તે વખતે ટ્રાફિક સિગ્નલ ગ્રીન હતું.. પરંતુ કોર્ટે તમામ તથ્યો અને પુરાવાના આધારે ડૉ. શાંતિની કારની સ્પીડ વધારે હોવાનું માનતા આ અકસ્માત માટે તેમને ૬૦ ટકા જવાબદાર ઠેરવ્યા હતા.

મહત્વની વાત એ છે કે જે વિસ્તારમાં આ અકસ્માત થયો ત્યાં સ્પીડ લિમિટ ૩૦ માઈલ પ્રતિ કલાકની છે, અને ડૉ. શાંતિની કારની સ્પીડ ૨૮ માઈલ પ્રતિ કલાક હતી. જોકે, કોર્ટે પોતાના ફેસલામાં એવું જણાવ્યું હતું કે સમય અને સ્થિતિ અનુસાર અકસ્માત કરનારી કારની સ્પીડ ઘણી વધુ હતી. અકસ્માતગ્રસ્ત બાળકીની માતાએ ડૉ. શાંતિ પાસેથી વળતર મેળવવા માટે તેમના પર કેસ કર્યો હતો. જોકે, આ મામલામાં પોલીસે ડૉ. શાંતિ સામે કોઈ ગુનો નહોતો નોંધ્યો. આ અકસ્માતમાં ૬૦ ટકા વાંક ડૉ. શાંતિનો હોવાનું કોર્ટે ઠેરવતા તેમને અકસ્માતનો ભોગ બનેલી બાળકીને ૧.૩૫ લાખ પાઉન્ડનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ કેસમાં બાળકીની માતાએ સવા બે લાખ પાઉન્ડના વળતરની માગ કરી હતી, પરંતુ અકસ્માતમાં ૪૦ ટકા વાંક બાળકીનો હોવાનું જણાવતા કોર્ટે વળતરની રકમ ઘટાડીને ૧.૩૫ લાખ પાઉન્ડ નિર્ધારિત કરી હતી. કોર્ટમાં રજૂ કરવામાં આવેલા ડોક્યુમેન્ટ્સ અનુસાર અકસ્માત બાદ પણ બાળકીને લાંબો સમય સાયકિયાટ્રિક ટ્રીટમેન્ટ લેવી પડી હતી. તો બીજી તરફ, અકસ્માત બાદ ડૉ. શાંતિ ચંદ્રાએ પોલીસને એવું નિવેદન આપ્યું હતું કે તે આગળ જોઈને જ કાર ચલાવી રહ્યા હતા, પરંતુ સિગ્નલ ક્રોસ કરતી વખતે અચાનક તેમને કાર સાથે કંઈક અથડાયું હોવાનો અહેસાસ થયો હતો. ત્યારબાદ તેમણે તુરંત જ કાર ઉભી રાખી હતી, અને તેની ટક્કરથી રસ્તા પર પડેલી બાળકી પાસે તે દોડી ગયા હતા. આ અકસ્માતનો ભોગ બનનારી બાળકી હાલ ૧૮ વર્ષની થઈ ચૂકી છે.

# ફાસ્ટ ફૂડમાંથી સડેલા બટેટા અને વાસી ચોકલેટ સોસ મળી આવ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

રાજકોટમાં ફાસ્ટફૂડ ખાતા પહેલા સાવધાન. અલગ અલગ બે સ્થળોએથી ૧૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. રાજકોટ વાસીઓ પરિવાર સાથે ફાસ્ટફૂડ ખાતા પહેલા ૧૦૦ વખત વિચાર કરજો. રાજકોટ મહાનગર પાલિકા ફાસ્ટ ફૂડનાં બે વેપારીઓને ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. યાજ્ઞિક રોડ પર આવેલા શ્રીનાથજી ફાસ્ટ ફૂડમાં તપાસ કરતા ચાર કિલો વાસી અને સડેલા બટેટા તેમજ એક કિલો એક્સપાયરી ચોકલેટ સોસ મળી આવ્યો હતો. કાલાવડ રોડ પર પ્રેમ મંદિર પાસે આવેલા ભોલા ફાસ્ટફૂડમાં વાસી પાઉ પિઝા સહિત પાંચ કિલો વાસી જથ્થો મળી આવ્યો હતો. બંને ફાસ્ટ ફૂડમાંથી ચીઝ,બટર અને લીલી ચટણીના પણ સેમ્પલ લેવામાં આવ્યા છે. જે બાદ કાર્યવાહી કરવામાં આવશે. રાજકોટમાંથી અખાદ્ય વસ્તુઓ મળવાની આ પ્રથમ ઘટના નથી. આ પહેલા પણ રાજકોટમાં ભેળસેળયુક્ત વસ્તુઓ મળી આવી છે. આજકાલ લોકો બહારનું ખાવાનું વધારે પસંદ કરે છે. તેવામાં લોકોની આ આદતનો લાભ લઈને વેપારીઓ અનેક વસ્તુઓમાં ભેળસેળ કરીને વેચતા હોય છે. દૂધ હોય, જીરૂ હોય, પનીર હોય આવી અનેક વસ્તુઓ છે જેમાં ભેળસળ થતી આવી છે. થોડા સમય પહેલા રાજકોટમાં ટોસ્ટના નમૂના ફેઈલ મળી આવ્યા હતા. રાજકોટની નામાંકીત ભારત બેકરીનાં ટોસ્ટના નમૂના ફેઈલ થયા હતા. ટોસ્ટમાંથી સેકરીન, સિન્થેટિક કલરની ભેળસેળ મળી આવી છે. આ ભેળસેળ વાળી વસ્તુ ખાવાથી આંતરડા, ચામડી અને પેટને લગતા રોગ થાય છે. લાંબો સમય સુધી ખાવાથી આંતરડાનું કેન્સર પણ થઈ શકે. ઑગસ્ટ મહિનામાં ઈસ્ઝના ફૂડ વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેનો ૪ મહિના બાદ રિપોર્ટ આવ્યો છે. ૧૯ ઓગસ્ટના રોજ ટોસ્ટ ઉપરાંત બ્રાઉન બ્રેડના સેમ્પલ લેવાયા હતા. અને કેકમાં પણ ઈંડાનો ઉપયોગ કરાતો હોવાની શંકાના આધારે નમૂના લેવાયા હતા. જેનો કોઈ પણ પ્રકારનો રિપોર્ટ નથી આવ્યો. માત્ર ટોસ્ટનો જ રિપોર્ટ આવ્યો છે અને તેમા ભેળસેળ હોવાનું બહાર આવ્યું છે.

# વાહન ચાલકોને ઇ ચલણની અવગણના કરવી ભારે પડી શકે છે

### દેશભરમાં ૧૫મી જાન્યુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી માર્ગ સલામતી મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ટ્રાફિકના નિયમોનો ભંગ કરી ઈ ચલણ પણ ન ભરનારા વાહન ચાલકોને ચેતી જવાની જરૂર છે. કારણ કે સરકાર દ્વારા શરૂ કરાયેલા નવા પ્રોજેક્ટ હેઠળ આવા વાહન ચાલકો ઈ ચલણની અવગણના કરવી ભારે પડી શકે છે.

હાલમાં દેશભરમાં ૧૫મી જાન્યુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી માર્ગ સલામતી મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાત સરકારે એનઆઈસીના સહયોગથી વન નેશન વન ચલણ પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે. તેના ભાગરૂપે હવે મોબાઈલ એપ્લીકેશનમાં



ઈ ચલણ એપ્લિકેશન ૧૬મી જાન્યુઆરીથી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધી પોલીસ દ્વારા તર્કશ એપ્લિકેશન થકી ઈ ચલણ આપવામાં આવતા હતા. જે હવેથી આ પ્રોજેક્ટ હેઠળ આ એપ્લિકેશન થકી ટ્રાફિક પોલીસ હેલ્મેટ, સીટબેલ્ટ, તેમજ નો પાર્કિંગ સહિતના ટ્રાફિકના નિયમોના ભંગ બદલ ઈ ચલણ આપશે.

જેમાં વાહન ચાલકો સ્થળ પર પણ દંડ ભરી શકશે અને જો સ્થળ પર દંડ ન ભરવો હોય તો બાદમાં પોતાના ઓનલાઈન પણ ભરી શકશે. આ એપ્લિકેશનમાં ભારતના કોઈ પણ રાજ્યની ગાડી કોઈ પણ અન્ય જગ્યાએ નિયમોનું ભંગ કરશે તો તેને આ એપ્લિકેશનની મદદથી પોલીસ ઈ ચલણ આપી શકશે. વાહન ચાલકોને ઈ ચલણ મળ્યાના ૯૦ દિવસમાં તેને ભરી દેવુ પડશે, જો આ સમયગાળામાં ઈ ચલણ ન ભરાય તો તે ચલણ ૯૦ દિવસ બાદ વર્ચ્યુઅલ કોર્ટમાં ટ્રાન્સફર થઈ જશે અને જો વર્ચ્યુઅલ કોર્ટમાં ચલણ ગયાના ૪૫ દિવસ સુધી દંડ ભરવામા નહીં આવે તો બાદમાં તે ચલણ ફીઝીકલ કોર્ટમાં ટ્રાન્સફર થશે અને બાદમાં કોર્ટ દ્વારા સમન્સ પણ કાઢી શકે છે. આ એપ્લિકેશનની ખાસિયત એ છે કે તેમાં ચલણ જનરેટ થતાની સાથે જ આરટીઓમાં તે જોઈ શકાશે અને તેથી વાહન ચાલક ચલણ ભર્યા વિના પોતાનું વાહન વેંચી કે ટ્રાન્સફર નહીં કરી શકે. જેથી ટ્રાફિક પોલીસે હવેથી વાહન ચાલકોનો ટ્રાફિકના નિયમો પાળવા માટેની અપીલ કરી છે.

## વિશેષ

### વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં પશુપાલન ક્ષેત્ર વધુ સુદ્રઢ અને નવી ઊંચાઇએ પહોંચ્યુ છે

# આંતરરાષ્ટ્રીય ઊંટ વર્ષ ૨૦૨૪ની ઉજવણી નિમિત્તે ભુજ ખાતે કચ્છ ઊંટ મહોત્સવનો કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઇ રૂપાલાના હસ્તે પ્રારંભ

। જિજ્ઞા વરસાણી (માહિતી) ભુજ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં પશુપાલકોની ચિંતા કરી અનેક નવી યોજનાઓ અમલી કરી પશુપાલક સમાજને અનેક નવી ભેટો આપી છે. પશુઓનું વેક્સિનેશન, ઝડપી સારવાર માટે ૧૯૬૨ની એમ્બ્યુલન્સ સેવા, દૂધ ઉત્પાદનના ઊંચા ભાવ સહિતના પગલાના કારણે દેશના પશુપાલકો આર્થિક રીતે પગભર થયા છે તેવું આજરોજ આંતરરાષ્ટ્રીય ઊંટ વર્ષ ૨૦૨૪ની ઉજવણી નિમિત્તે કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન આયોજીત ભુજ ખાતે કચ્છ ઊંટ મહોત્સવનો પ્રારંભ કરાવતા મત્સ્ય ઉદ્યોગ, ડેરી અને પશુપાલન કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું.





ભુજ ખાતે યોજાયેલા કચ્છ ઊંટ મહોત્સવનો આરંભ કરાવતા કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી સંયુકત રાષ્ટ્ર સંઘે ગત વર્ષને મિલેટ વર્ષ જાહેર કર્યું હતું. જયારે આ વર્ષે આંતરરાષ્ટ્રીય ઊંટ વર્ષ જાહેર કરાયું છે જે ગર્વની બાબત છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ પશુપાલકોને પશુના આરોગ્યની ચિંતાથી મુક્ત કર્યા છે. સંવેદનશીલ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં માલધારી સમાજ વધુ પગભર થયો છે. જેની ફળશ્રુતિ સ્વરૂપે જ કચ્છમાં ઊંટઉછેરના વ્યવસાયમાં નવયુવાનો જોડાયા છે. આવનારા સમયમાં બકરી-ઘેટાંના દૂધને ડેરીના માધ્યમથી ખરીદાય તેવા પ્રયાસો સરકાર દ્વારા કરાઈ રહ્યા છે. જે બકરી-ઘેટાંનું પાલન કરતા માલધારીઓ માટે આર્થિકરૂપે લાભકારક રહેશે.

તેમણે આ પ્રસંગે પશુઉછેરમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેનો લાભ લેવા પશુપાલકોને આહવાન કર્યું હતું. તેમણે કચ્છના ખારાઈ ઊંટના સંવર્ધન માટે સરકાર કટિબધ્ધ હોવાનું જણાવીને ઊંટના દૂધની પ્રોડકટને ખાદ્યાન્ન માટે મળેલી માન્યતા વડાપ્રધાનશ્રીને આભારી ગણાવીને દેશના અમૃતકાળમાં દરેક ક્ષેત્રની જેમ પશુપાલનક્ષેત્ર પણ વિકસી રહ્યું ગણાવીને તમામ પશુપાલકો તેમાં સહભાગી બને તેવી અપીલ કરી હતી

આ પ્રસંગે સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતુ કે, કેન્દ્ર અને રાજય સરકાર પશુપાલકો માટે ચિંતિત છે. સરકારે પશુપાલકોના તમામ પ્રશ્નો અને રજૂઆતોના હકારાત્મક પ્રતિસાદ આપ્યા છે. ઊંટની વસતીમાં કચ્છ મોખરે છે ત્યારે સરકારની ચિંતાના કારણે જ હાલ ઊંટોની વસતીમાં વધારો થયો છે. ખારાઈ ઊંટને યોગ્ય સન્માન અને માન્યતા મળી છે. સૌ પ્રથમ દેશમાં કેમલ મિલ્ક ડેરી કચ્છમાં સ્થપાઈ છે અને તેના થકી ઊંટ ઉછેરકોને નવું બળ મળ્યું છે. આ પ્રસંગે અબડાસાના ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશનમાં પશુપાલકોના લાભ માટે અનેક પગલા ભરવામાં આવ્યા છે. જેના કારણે કચ્છમાં ડેરીઉદ્યોગ ફુલ્યોફાલ્યો છે. ઊંટના પશુપાલકોને પણ હવે રોજગારીની તકો વધી છે. પશુઓની સારવારથી લઈને તેમના સ્વાસ્થ્ય માટે સરકાર કામગીરી કરી રહી છે. ત્યારે આવનારા સમયમાં પશુપાલનક્ષેત્ર નવી ઊંચાઈ મેળવશે.

અમૂલ ડેરીના વાઈસ ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતુ કે, કચ્છમાં ૧૨ હજાર ઊંટની વસતી છે. જેમાં ૩૦૦ થી ૪૦૦ દૂધઉત્પાદક કુંટુંબો છે. જેના થકી રૂ.૫૦ના ભાવે દૈનિક ૪ થી ૫ હજાર લીટર દૂધનું કલેકશન કરવામાં આવે છે અને રોજ રૂા.અઢીલાખનું ચૂકવણું માલધારીઓને કરાય છે. તેમણે પશુપાલકોની જરૂરીયાતને સરકારના સહયોગથી પુરી કરવા ખાત્રી આપી હતી.

આ પ્રસંગે કચ્છના કેમલ મિલ્ક પ્લાન્ટને ઓર્ગેનિક મિલ્ક પ્લાન્ટનું પ્રમાણપત્ર મળતા આ સન્માન કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે એનાયત કરાયું હતું. તેમજ કેમલ મિલ્ક અંગેના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠનના પ્રમુખ આશાભાઈ રબારીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમમાં દેશનું સૌ પ્રથમ ડોક્રી બ્રિડર્સ એસોસીએશનનું રજિસ્ટ્રેશન થતા કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે રજિસ્ટ્રેશન સર્ટીફીકેટ માલધારીઓને સુપ્રત કરવામાં આવ્યું હતું. તેમજ ઊંટ પાલન વ્યવસાયમાં પરત આવેલા યુવા માલધારીઓનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સાંસ્કૃતિક ઝાંખી અને ઝલક દર્શાવતી ઊંટ શોભાયાત્રાને લીલીઝંડી આપીને કેન્દ્રીય મંત્રીશ્રીએ પ્રસ્થાન કરાવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી કેશુભાઈ પટેલ, શ્રી માલતીબેન મહેશ્વરી, પૂર્વ રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહિર, પૂર્વ ધારાસભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરી, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મશરૂભાઈ રબારી, તાલુકા પંચાયત સદસ્યશ્રી આંબાભાઈ રબારી, સોનાભાઈ રબારી, સૌરભ શાહ, સંદીપ વીરમાણી, જીતુભાઈ, કવિ આલ, વિશ્રામભાઈ રાબડીયા, સાલેમામદ હાલેપૌત્રા જિલ્લા પશુપાલન અધિકારીશ્રી હરેશ ઠક્કર સહિતના આગેવાનો તથા મોટીસંખ્યામાં માલધારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાકિસ્તાનમાં ઘૂસીને ઇરાને કરી કાર્યવાહી

# પાકિસ્તાનમાં જૈશ-અલ-અદલના બેઝ પર મિસાઇલથી હુમલા કર્યા

## ઈરાક અને સીરિયામાં હવાઈ હુમલાના એક દિવસ બાદ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે પાકિસ્તાનમાં ઘૂસીને હવાઈ હુમલા કર્યા હતા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

ઈરાનની સેનાએ મંગળવારે પાકિસ્તાનમાં બલૂચ આતંકવાદી જૂથ જૈશ અલ-અદલના બે મુખ્ય ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. ઈરાક અને સીરિયામાં હવાઈ હુમલાના એક દિવસ બાદ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે પાકિસ્તાનમાં ઘૂસીને હવાઈ હુમલા કર્યા હતા. ઈરાનના સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે બલૂચ આતંકવાદી જૂથના બે મુખ્ય બેઝ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો અને તેનો નાશ કરવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાની સેનાએ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતના વિસ્તાર પર હુમલો કર્યો, જ્યાં જૈશ-અલ-અદલનું સૌથી મોટું હેડક્વાર્ટર હતું. પાકિસ્તાને દાવો કર્યો છે કે ઈરાનના ઉશ્કેરણી વગરના હુમલામાં બે માસૂમ બાળકોના મોત થયા છે, જ્યારે ત્રણ છોકરીઓ ઘાયલ થઈ છે. ઈરાનના સરકારી મીડિયાએ જણાવ્યું કે બલુચી આતંકવાદી જૂથ જૈશ-અલ-અદલના બે ઠેકાણાઓને મિસાઈલ વડે નિશાન બનાવવામાં આવ્યા છે. આના એક દિવસ પહેલા ઈરાને ઈરાક અને સીરિયામાં પણ મિસાઈલ હુમલો કર્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આતંકવાદી જૂથે અગાઉ પાકિસ્તાન સાથેના સરહદી વિસ્તારમાં ઈરાની સુરક્ષા દળો પર હુમલો કર્યો છે. ઈરાનના સરકારી મીડિયાએ કહ્યું કે મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કરીને આતંકવાદીઓના ટાર્ગેટને નષ્ટ કરવામાં આવ્યા. ઈરાન સરકાર સંચાલિત Mehr News Agencyએ તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે દેશના કેટલાક અન્ય સ્થાનિક મીડિયાનું કહેવું છે કે લક્ષ્યાંકિત ઠેકાણાઓ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતના કુહે સબ્ઝ નામના વિસ્તારમાં હતા, જ્યાં જૈશ અલ-અદલ આતંકવાદીઓનો સૌથી મોટો બેઝ છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આ હુમલાઓની સખત નિંદા કરતા એક નિવેદનમાં કહ્યું કે પાકિસ્તાન ઈરાન દ્વારા તેના હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનની સખત નિંદા કરે છે, જેમાં બે માસૂમ બાળકો માર્યા ગયા હતા.



**ઈરાનના ઉશ્કેરણી વગરના હુમલામાં બે માસૂમ બાળકોના મોત**

જ્યારે ત્રણ છોકરીઓ ઘાયલ થઈ હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પાકિસ્તાનની સંપ્રભુતાનું ઉલ્લંઘન છે, જે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને તેના ગંભીર પરિણામો આવી શકે છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે પાકિસ્તાને હંમેશા કહ્યું છે કે આતંકવાદ આ ક્ષેત્રના તમામ દેશો માટે એક સમાન ખતરો છે, જેના માટે સંકલિત કાર્યવાહીની જરૂર છે. આવી એકપક્ષીય કાર્યવાહી સારા પડોશી સંબંધો સાથે સુસંગત નથી. આવી કાર્યવાહી દ્વિપક્ષીય સંબંધો અને વિશ્વાસને ગંભીરપણે નબળી પાડી શકે છે.

### ન્યુઝીલેન્ડના ઓપનર પાકિસ્તાન સામે ટી૨૦માં ઝંઝાવાત

# ન્યુઝીલેન્ડના ઓપનર ફિન એલને ૬૨ બોલમાં ૧૩૭ રન ઝૂડી કાઢ્યા

## ૧૬ છગ્ગા ફટકારવા સાથે ટી૨૦ મેચની એક ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના રેકોર્ડની બરાબરી કરી



| (એજન્સી) ક્વિન્સલેન્ડ, તા.૧૭ |

ન્યુઝીલેન્ડના ઓપનર ફિન એલને પાકિસ્તાન સામે રમાઈ રહેલી ત્રીજી ટી૨૦આઈ મેચમાં માત્ર ૬૨ બોલમાં ૫ ચોગ્ગા અને ૧૬ છગ્ગાની મદદથી ૧૩૭ રન બનાવ્યા હતા. ફિને તાબડતોડ બેટિંગ કરતા પાકિસ્તાની બોલરોની હાલત ખરાબ કરી નાખી હતી. આ દરમિયાન ફિન એલને ઘણાં રેકોર્ડ્સ બનાવ્યા હતા. ફિન એલને બેટિંગ દરમિયાન ૧૬ ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા.

આ સાથે જ તેણે ટી૨૦આઈમેચની એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ફિને અફઘાનિસ્તાનના ખેલાડી હઝરતુલ્લાહ ઝઝઈના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ઝઝાઈએ ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ આયરલેન્ડ સામે ૧૬૨ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૧૬ છગ્ગા ફટકાર્યા હતા. ફિન એલને ૧૩૭ રનની શાનદાર ઈનિંગ રમી ન્યુઝીલેન્ડ માટે T20I ક્રિકેટમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બનાવવાનો રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. એલને આ મામલે પૂર્વ કેપ્ટન બ્રેન્ડન મેક્કુલમનો રેકોર્ડ તોડ્યો હતો. મેક્કુલમે બાંગ્લાદેશ સામે ૧૨૩ રન બનાવ્યા હતા. ફિન એલને વધુ એક મામલે બ્રેન્ડન મેક્કુલમનો રેકોર્ડ તોડ્યો છે. એલને મેચ દરમિયાન બાઉન્ડ્રી દ્વારા ૧૧૬ રન બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડ તરફથી એલનના નામે T20I મેચમાં બાઉન્ડ્રી દ્વારા સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ નોંધાયો છે. જયારે મેક્કુલમે બાઉન્ડ્રી દ્વારા ૯૬ રન બનાવ્યા હતા.

ફિન એલનની રેકોર્ડ ઈનિંગના કારણે ન્યુઝીલેન્ડની ટીમે પાકિસ્તાનને ક્લીન સ્વિપ આપવામાં સફળતા મળી હતી. એલનની વિસ્ફોટક બેટિંગના કારણે ન્યુઝીલેન્ડની ટીમે ૨૦ ઓવરમાં ૭ વિકેટના નુકસાને ૨૨૪ રન બનાવ્યા હતા. જવાબમાં પાકિસ્તાનની ટીમ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૭૯ રન બનાવી શકી હતી. કિવી ટીમે આ મેચ ૪૫ રનથી જીતી હતી.

### વિશ્વના અનેક દેશ વધતી વસતીથી પરેશાન

# સતત બીજા વર્ષે વસતી ઘટતાં ચીન ચિંતામાં મૂકાયું

| (એજન્સી) બિજિંગ, તા.૧૭ |

એક તરફ દુનિયાના ઘણા દેશો વધતી વસતીના કારણે પરેશાન છે તો બીજી તરફ ચીન હવે ઘટી રહેલી વસતીના કારણે ટેન્શનમાં છે. ચીનમાં કોવિડના પ્રતિબંધો હટાવાયા બાદ જન્મદર ઘટી રહ્યો છે અને મોતનો આંકડો વધી રહ્યો છે. જેના કારણે ૨૦૨૩માં ચીનની વસતીમાં ૨૦ લાખનો ઘટાડો નોંધાયો છે. સતત બીજા વર્ષે ચીનની વસતી ઓછી થઈ છે અને તેના કારણે ચીનની સરકારના માથા પર પરેશાનીના વળ પડી રહ્યા છે. ચીનના સ્ટેટેસ્ટિકલ બ્યૂરોનુ કહેવુ છે કે, દેશની કુલ વસતી અત્યારે ૧. ૪૦૯ અબજ છે. જે ૨૦૨૨માં ૧. ૪૧૧અબજ હતી. ચીનની સરકારને ટેન્શન છે કે, વસતી ઘટવાના કારણે કામ કરનારા લોકોની સંખ્યા પણ ઓછી થશે અને લાંબા ગાળે તેની અસર આર્થિક વિકાસ પર પડશે.



બીજી તરફ વૃધ્ધોની સંખ્યામાં પણ વધારો થવાથી દેશની ઈકોનોમી સામે નવો પડકાર સર્જાશે. ચીનમાં સતત સાતમા વર્ષે જન્મદર ઘટ્યો છે. ગત વર્ષે ચીનમાં ૯૦ લાખ બાળકોનો જન્મ થયો હતો. તેના પહેલાના વર્ષે ૯૫ લાખ બાળકો પેદા થયા હતા.

ચીનમાં જન્મદર હવે પ્રતિ ૧૦૦૦ લોકો પર ઘટીને ૬. ૩૯ થઈ ગયો છે. જે એક વર્ષ પહેલા ૬. ૭૭ની આસપાસ હતો. આ પહેલા ચીને એક જ બાળકની નીતિ લાગુ કરીને વસતી વધારાને કાબૂમાં લેવાની કોશિશ કરી હતી પણ લાંબા ગાળે તો કારણે અલગ સમસ્યા સર્જાઈ હતી.

### યુએસની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિવેકે નામ પાછું ખેંચ્યુ

# રામાસ્વામીએ નામ પાછું ખેંચતા ડોનાલ્ડ ટ્રમ્પ ખુશ

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ |

અમેરિકામાં આ વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર બનવાની રેસમાંથી ભારતીય મૂળના ઉમેદવાર વિવેક રામાસ્વામીએ પોતાનુ નામ પાછુ ખેંચીને ડોનાલ્ડ ટ્રમ્પ ને ટેકો જાહેર કર્યો છે.



જેનાથી ટ્રમ્પના સમર્થકોની સાથે સાથે ટ્રમ્પ પોતે પણ ઉત્સાહીત જોવા મળી રહ્યા છે. તેમણે વિવેક રામાસ્વામીના ભરપૂર વખાણ કરીને કહ્યુ છે કે, વિવેકનુ સમર્થન દર્શાવી રહ્યુ છે કે તે લાંબા સમય સુધી મારી સાથે કામ કરવાના છે. અમેરિકામાં ચાર તબક્કામાં ચૂંટણી માટેની પ્રક્રિયાશરુ થઈ ગઈ છે. બીજી તરફ રિપબ્લિકન અને ડેમોક્રેટ પાર્ટીઓમાં પણ ઉમેદવારની પસંદગી માટેની આંતરિક ચૂંટણીઓ ચાલી રહી છે. આયોવા રાજ્યમાં ડોનાલ્ડ ટ્રમ્પને રિપબ્લિકન પાર્ટીના સમર્થકોએ વિજેતા બનાવ્યા છે ત્યારે આ રાજ્યમાં ચોથા નંબરે રહેલા વિવેક રામાસ્વામીએ ગઈકાલે જ પોતાની ઉમેદવારી પાછી ખેંચવાનુ એલાન કરીને ટ્રમ્પને ટેકો આપવાની જાહેરાત કરી હતી. એ પછી અમેરિકાના ન્યૂ હેમ્પશાયર રાજ્યમાં યોજાયેલી એક રેલીમાં ટ્રમ્પ અને રામાસ્વામી વચ્ચે મુલાકાત થઈ હતી અને ટ્રમ્પે વિવેકનો આભાર માનતા કહ્યુ હતુ.



કેરળમાં કોચી ખાતે પ્રોજેક્ટ્સના મોડલની સમીક્ષા કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

# સરકારે આયુષ્માન ભારત યોજના હેઠળ સારવારની યાદીમાંથી ૧૯૬ રોગને હટાવ્યા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

લોકો સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન આપે તે માટે સરકારે આયુષ્માન ભારત યોજના શરૂ કરી છે. ૨૦૧૮ માં શરૂ થયેલી આ અદ્ભુત યોજના હેઠળ, અનેક રોગોની મફતમાં સારવાર કરવામાં આવે છે. આ કાર્ડધારકોમાં બાળકોથી લઈને વડીલો સુધીના દરેકને ૫ લાખ રૂપિયા સુધીના સ્વાસ્થ્ય વીમા લાભો મેળવવાની તક મળે છે. સરકારે તાજેતરમાં એક યાદી બહાર પાડી છે. આ લિસ્ટમાં તેમણે જણાવ્યું છે કે આયુષ્માન ભારત યોજના હેઠળ કઈ બીમારીઓ આવરી લેવામાં નથી આવતી તે જાણીએ. આયુષ્માન ભારત યોજનામાં મોટા ફેરફારો સાથે, હવે આ યોજના હેઠળ ૧૭૬૦ રોગોની સારવાર થતી. પરંતુ નવા નિર્ણય સાથે સરકારે આમાંથી મેલેરિયા, મોતિયા, સર્જિકલ ડિલિવરી, નસબંધી અને ગેંગરીન જેવા ૧૯૬ રોગોને આ લીસ્ટમાંથી હટાવી દીધા છે. જેની લોકો પર ઊંડી અસર પડી છે. મતલબ કે હવે લોકોને આ રોગોની સારવાર સરકારી હોસ્પિટલોમાં જ લેવી પડશે, જેના કારણે ઘણા લોકોની પ્રાથમિકતા વધી ગઈ છે. પહેલા ઘણા લોકો ખાનગી હોસ્પિટલોમાં જતા હતા કારણ કે ત્યાં સુવિધાઓ વધુ હતી, પરંતુ આ નિર્ણયથી તેમને સરકારી હોસ્પિટલો તરફ વળવાની ફરજ પડી રહી છે. આર્થિક રીતે નબળા અને ગરીબ નાગરિકો માટે બનેલી આ યોજના ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમજેએવાયયોજના ચલાવતા રાજ્યોમાં, તેનો લાભ મેળવનાર લોકોની પસંદગી પ્રક્રિયા એસઈસીસી ૨૦૧૧ના આધારે કરવામાં આવે છે. તમે ઓનલાઈન ચેક કરી શકો છો કે તમે આ યોજનાના લાભાર્થી છો કે નહીં.

# એરસ્ટ્રાઈકથી હતાશ પાક. દ્વારા ઈરાનને વળતી ધમકી

## પાકિસ્તાન અને ઈરાન વચ્ચે કોમ્યુનિકેશન વ્યવસ્થા હોવા છતા આ પ્રકારનું કૃત્ય ઈરાને કર્યુ છે જે ચિંતાજનક

| (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૭ |

ઈરાને પાકિસ્તાન પર કરેલી એરસ્ટ્રાઈક બાદ દુનિયામાં જ નહીં પણ પોતાના લોકો સમક્ષ પણ પાકિસ્તાની સરકાર અને સુરક્ષાદળોનો ફજેતો થયો છે. બહાવરા બનેલા પાકિસ્તાને હવે ઈરાનને આ એર સ્ટ્રાઈકના ગંભીર પરિણામ ભોગવવા પડશે તેવી ધમકી આપી છે.

આજે સવારે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યુ હતુ કે, ઈરાને કોઈ કારણ વગર પાકિસ્તાનની હવાઈ સીમામાં ઘૂસીને હુમલા કર્યા છે અને તેમાં બે બાળકોના મોત થયા છે તેમજ ત્રણ બીજા બાળકો ઘાયલ થયા છે. પાકિસ્તાન ઈરાનની આ કાર્યવાહીની આકરી નિંદા કરે છે. વિદેશ મંત્રાલયના પ્રવકતાએ કહ્યુ હતુ કે, પાકિસ્તાન પર હુમલાના ગંભીર પરિણામ આવી શકે છે. પાકિસ્તાન અને ઈરાન વચ્ચે કોમ્યુનિકેશન



વ્યવસ્થા હોવા છતા આ પ્રકારનુ કૃત્ય ઈરાને કર્યુ છે જે ચિંતાજનક વાત છે. પ્રવક્તા મમુતાઝ બલૂચે આગળ કહ્યુ હતુ કે, પાકિસ્તાન હંમેશા એવુ માને છે કે આતંકવાદ તમામ દેશો માટે ખતરો છે પણ આ પ્રકારની એક તરફી કાર્યવાહી ઈરાન અને પાકિસ્તાન વચ્ચેના સારા સબંધોને જોતા યોગ્ય નથી. તેના કારણે બંને દેશો વચ્ચેના સબંધો અને વિશ્વાસ પર અસર પડી શકે છે. ઈરાને સાવધાનીથી કામ કરવુ જોઈએ.

ઈરાને આ એર સ્ટ્રાઈક બાદ કહ્યુ હતુ કે, પાકિસ્તાનમાંથી કાર્યરત અને ઈરાનમાં ઘૂસીને છાશવારે આતંકી હુમલા કરતા સંગઠન જૈશ અલ અદલને અમે ટાર્ગેટ કરવા માટે આ કાર્યવાહી કરી હતી અને તેમાં મિસાઈલ અને ડ્રોન વડે હુમલા કરવામાં આવ્યા હતા. ઈરાનની એરસ્ટ્રાઈકથી પાકિસ્તાનનો ફજેતો થયો

આ સંગઠનના બે આશ્રય સ્થાનોને હુમલામાં નષ્ટ કરવામાં આવ્યા છે. જોકે ઈરાનની એર સ્ટ્રાઈકથી સમસમી ગયેલુ પાકિસ્તાન જો ધમકીનો અમલ કરીને ઈરાન પર વળતી કાર્યવાહી કરશે તો બંને દેશ વચ્ચેના સબંધો વધારે વણસી શકે છે.

# આર પ્રજ્ઞાનંધાએ ચીનના વર્લ્ડ ચેમ્પિયનડિંગ લિરેનને હરાવ્યો



| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

ભારતના યુવા ચેસ પ્લેયર આર પ્રજ્ઞાનંધાએ ઈતિહાસ રચી દીધો છે. તેણે ટાટા સ્ટીલ ચેસ ટૂર્નામેન્ટમાં વર્લ્ડ ચેમ્પિયન ડિંગ લિરેનને હરાવ્યો હતો. ચીનના વર્લ્ડ ચેમ્પિયન સામેની જીતથી પ્રજ્ઞાનંધાને આશ્ચર્ય થયું કારણ કે તે ડિંગને આટલી જલ્દી હરાવી દેશે તેવી તેને અપેક્ષા ન હતી. આ જીત સાથે તેણે દિગ્ગજ ચેસ પ્લેયર વિશ્વનાથન આનંદને પાછળ છોડી દીધા છે. તે ચેસ રેક્કિંગમાં સૌથી વધુ રેક્ક ધરાવનાર ભારતીય ખેલાડી બની ગયો છે.

પ્રજ્ઞાનંધા તેના કરિયરમાં પ્રથમવાર ભારતીય ચેસ પ્લેયરમાં સૌથી વધુ રેક્ક ધરાવનાર ખેલાડી બન્યો છે. જીત બાદ પ્રજ્ઞાનંધાએ કહ્યું, “મને લાગ્યું કે મેં ખુબ જ સરળતાથી બરાબરી કરી લીધી અને તે પછી કોઈક રીતે તેના માટે વસ્તુઓ ખોટી થવા લાગી. ડિંગ કદાચ તેની રમત પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરતો ન હતો. તે બચાવ કરી શક્યો ન હતો જેની મને અપેક્ષા ન હતી.

ભારતીય ગ્રાંડમાસ્ટર આર પ્રજ્ઞાનંધાએ કહ્યું. ‘મને લાગે છે કે કોઈપણ દિવસે તમે આવા મજબૂત ખેલાડીને હરાવો છો તે દિવસ તમારા માટે ખુબ જ ખાસ હોય છે કારણ તેમને હરાવવું સહેલું નથી. પ્રથમ વખત ક્લાસિકલ ચેસમાં વર્લ્ડ ચેમ્પિયન સામે જીતવું એક મોટી સિદ્ધિ છે.

શરૂઆતની ત્રણ ગેમ રોમાંચક હતી. મને લાગે છે કે હું સારું રમી રહ્યો હતો પરંતુ છેલ્લા વર્ષે પણ આવું જ થયું હતું. એક સમય હતો જયારે હું ખરેખર સારું રમી રહ્યો હતો અને ત્યારબાદ મારી રમત ખુબ ખરાબ થઈ ગઈ હતી જેથી મને લાગે છે કે આ સારું છે. ટુર્નામેન્ટના અંત સુધી એક એનર્જી જાળવી રાખવી ખરેખર મહત્વપૂર્ણ છે.

ચેઝ રેન્કિંગમાં આર પ્રજ્ઞાનંધા ૧૧મા ક્રમે છે. તે ડિંગ સામે જીત બાદ રેક્કિંગમાં બે સ્થાન આગળ વધી ગયો છે. ચીનના ડિંગ લિરેન સામે જીત્યા બાદ તે વિશ્વનાથનથી આગળ નીકળી ગયો છે. વર્તમાન ચેસ રેક્કિંગમાં વિશ્વનાથન આનંદ ૧૨મા સ્થાને છે. તેમને રેક્કિંગમાં એક સ્થાનનું નુકસાન થયું છે. ચેસ રેક્કિંગમાં મેગ્નસ કાર્લસન પહેલા સ્થાને છે.

## તંત્રી લેખ...

# ઈરાનના પાકિસ્તાન ઉપર હવાઈ હુમલા

એક તરફ દુનિયાના બે મોટા મોરચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. વિશ્વ યુદ્ધનો ખતરો સતત મંડરાઈ રહ્યો છે. આવા સંજોગોમાં ઈરાનની એક લશ્કરી કાર્યવાહીથી તણાવ વધી ગયો છે. ઈરાને આજે પાકિસ્તાનમાં જોરદાર હવાઈ હુમલો કર્યો છે. ઈરાને મિસાઈલ અને ડ્રોન વડે આતંકવાદી સંગઠન જૈશ અલ-અદલના અડ્ડાઓને નિશાન બનાવ્યા છે. ઈરાનના હુમલાએ મોટા પાયે તબાહી મચાવી છે. ઈરાનના હુમલાથી પાકિસ્તાન નારાજ છે અને તેણે ઈરાનને ધમકી આપી છે. પાકિસ્તાનના રખેવાળ વડા પ્રધાન સ્વિટ્ઝર્લેન્ડમાં ઈરાનના વિદેશ પ્રધાન સાથે મુલાકાત કરી રહ્યા હતા, ત્યારે ઈરાને પાકિસ્તાન પર હુમલો કર્યો હતો. પાકિસ્તાની પીએમને એ વાતનો પણ ખ્યાલ નહોતો કે ઈરાને પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે, એર સ્પેસ ઉલ્લંઘનની સખત નિંદા કરતા કહ્યું છે કે, એકપક્ષીય કાર્યવાહી સારા પાડોશીની નિશાની નથી. જૈશ અલ અદાલે એમ પણ કહ્યું છે કે આ હુમલો અનેક મિસાઈલો દ્વારા કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે, ઈરાનના એક અધિકારીને સમન્સ પણ પાઠવ્યા છે. ઈરાનના હવાઈ હુમલાથી પાકિસ્તાનમાં મોટાપાયે વિનાશ થયો છે. પાકિસ્તાનનો દાવો છે કે હુમલામાં ર બાળકોના મોત થયા છે. જ્યારે ૬ લોકો ઘાયલ થયા છે. મૃત્યુઆંક વધી શકે છે. આ ઉપરાંત બે મકાનો પણ ધરાશાયી થયા છે. ઈરાનના હુમલા બાદ તબાહીનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં અનેક રહેણાંક મકાનો ખંડેરમાં ફેરવાઈ ગયા છે. આ વીડિયો જૈશ અલ અદાલ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. જ્યાં ઈરાને હુમલો કર્યો તે પંજગુરનો હરિયાળો વિસ્તાર છે. આ એ જગ્યા છે જે જૈશ અલ અદાલનો મજબૂત અડ્ડો હતો, જેને ઈરાન દ્વારા હવાઈ હુમલામાં નષ્ટ કરી દેવામાં આવ્યો હતો. અહીં મોટી સંખ્યામાં જૈશ અલ-અદલ આતંકવાદીઓ છુપાયેલા હતા. તેઓ અહીંથી આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપતા હતા. આ જૈશ અલ-અદલના સૌથી મજબૂત ઠેકાણાઓમાંનું એક હતું. ઈરાને જૈશ અલ-અદલ દ્વારા કરવામાં આવેલા હુમલાનો બદલો લીધો છે. ડિસેમ્બરમાં જૈશ અલ-અદલે ઈરાનમાં મોટો હુમલો કર્યો હતો. હુમલામાં ઈરાનના ૧૧ પોલીસકર્મીઓ માર્યા ગયા હતા. જૈશ અલ-અદલના હુમલામાં ઈરાનને મોટું નુકસાન થયું હતું. જૈશ અલ-અદલ ઈરાનની સરહદ પર સતત હુમલા કરી રહ્યું છે. જૈશ અલ-અદલ એક સુન્ની આતંકવાદી સંગઠન છે, જેની રચના ૨૦૧૨માં થઈ હતી. જૈશ અલ-અદલ પાકિસ્તાન સરહદ પર આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપે છે. તે ઈરાનની અંદર સતત હુમલાઓ કરી રહ્યું છે. ઈરાની બોર્ડર પોલીસનું અનેક વખત અપહરણ કરવામાં આવ્યું છે.

## મકરસંક્રાતિ બાદ લોકો અને પશુપંખીઓના જીવ બચાવવા અમદાવાદ મહાનગરપાલિકા, સ્વૈચ્છિક સંસ્થાઓ અને બાળકોનો શ્રમયજ્ઞ

### શહેરના વિવિધ ઝોનમાં આવેલા ૬૨ જાહેર સ્થળો અને ૧૭૨ વૃક્ષો પરથી ૬૬ કિલોગ્રામ જોખમી પતંગ-દોરા એકત્ર કરી યોગ્ય નિકાલ કર્યો





। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ શહેરના નાગરિકોએ મકરસંક્રાતિની જોરશોરથી ઉજવણી કરી. તહેવાર પછીના દિવસોમાં કપાયેલા અથવા ફસાયેલા પતંગ અને દોરા કોઈ માણસ કે પશુપંખી માટે જોખમરૂપ ન બને તેની તકેદારી રાખતા અમદાવાદ મહાનગરપાલિકાના સીએનસીડી વિભાગે પ્રશંસનીય પહેલ કરી છે. સીએનસીડી વિભાગે બગીચાખાતુ અને અન્ય વિભાગો અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને શહેરના વિવિધ ઝોનમાં આવેલા ૬૨ જાહેર સ્થળો અને ૧૭૨ વૃક્ષો પરથી ૬૬ કિલોગ્રામ જોખમી પતંગ-દોરા એકત્ર કર્યા. ત્યારબાદ તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

ઉત્તરાયણ બાદ સતત ૩ દિવસ સુધી આ અભિયાન ચલાવવામાં આવ્યું. જેમાં હાઈડ્રોલિક લેડરની મદદથી બિલ્ડિંગ્સ, જાહેર સ્થળો, વૃક્ષો અને ઉંચા બાંધકામો સહિત અલગ-અલગ જગ્યાએ ફસાયેલા પતંગ અને દોરા ઉતારવામાં આવ્યા છે. આ શ્રમયજ્ઞમાં સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી શાળાના બાળકોને જોડીને જાગૃતતા ફેલાવવામાં આવી હતી. બાળકોએ શાળા અને આસપાસના પરિસરોમાંથી પતંગ-દોરા એકત્ર કર્યા. જે બદલ પ્રોત્સાહન સ્વરૂપે તેમને કંપાસ, ફૂટપટ્ટી સહિતની ગિફ્ટ આપવામાં આવી હતી.

આમ, અમદાવાદ મહાનગરપાલિકા, સ્વૈચ્છિક સંસ્થાઓ, ભૂલકાઓ અને જાગૃત નાગરિકોના સહિયારા પ્રયાસને કારણે અનેક લોકો અને પશુપંખીઓને થનાર સંભવિત જોખમને ટાળી શકાયું છે. સહુની સલામતી માટેની આ પહેલને નાગરિકોએ પણ બિરદાવી છે.

# ઈશ્વર હોવા છતાં રામરાજ્ય માટે શ્રી રામનું વનમાં જવું જરૂરી હતું, માટે એ ઘટના સંભવ બની



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઘણીવાર વિચાર આવે કે કાળનાં કાળ વિતી ગયાં છતાં પ્રભુ શ્રી રામનું ચરિત્ર કેટલું ઉજળું રહ્યું હશે, કે એ આજે પણ આપણને રામ આદર્શ અને આત્મીય લાગે છે. કાલે આપણે રામરાજ્યની અવધારણા વિશે ચિંતન કર્યું, અને બહુ બધા પ્રતિભાવ આવ્યાં કે બહેન બહુ જ યથાર્થ અને ચોટદાર વાત છે. વડીલ પિતાતુલ્ય અતુલ કાકા એ કહ્યું કે, એકદમ સાચું કે એક એકની ઈચ્છા વગર રામરાજ્ય સ્થપાય એવી કોઈ શક્યતા જ નથી. તો નાગર સેતુ પરિવારના પોતીકાં સ્વજન એવા નૈતિક ભાઈએ ભારત ઉપરાંત, રામાયણ ક્યાં ક્યાં પ્રચલિત છે એનો અહેવાલ આપ્યો! એશિયાના કંબોડિયા, તિબ્બત, ચીન, નેપાળ, મલેશિયા, જેવા ઘણા દેશમાં રામનું ચરિત્ર પ્રિય છે, અને હોય પણ ખરું કારણ કે એ એવું ઉત્તમ જીવન જીવ્યાં હતાં. ખરેખર આ બધું સંશોધન થવું જરૂરી છે, પણ જોકે એક વિચાર એ પણ આવે કે આપણે આપણી બૌદ્ધિકતાનો ઉપયોગ આવાં તર્ક માટે જ કર્યો, એમાં પ્રભુ શ્રી રામનુ સાચું ચરિત્ર પકડી શક્યા નહીં! બાકી કેટલું સરળ હતું એકમેકના મન સુધી જઈને રામ બનવું! કાળ ગણના પ્રમાણે જોઈએ તો એ સમય ને આજના સમય અનુસાર મુલવી ન શકાય, એટલે કે અમુક ભાવ સ્વાભાવિક છે! પણ આજે આપણે સાવ સત્યથી વિમુખ થઈ ને જેવું જીવીએ છીએ એવું જીવન તો ન જ હોવું જોઈએ! એવું પણ લગભગ દરેકનું મંતવ્ય છે. એક બાળકનાં જન્મ માટે સમયની રીતે આજે શું તફાવત હતો, એ વિશે જરા ચિંતન કરીએ. ત્યારે પણ એક બાળકનાં માટે સ્ત્રી પુરુષ બંને એકબીજાનાં પૂરક હતાં, અને આજે પણ એમ જ છે! ત્યારે પણ બાળકનાં જન્મ પહેલાં એ માતાના ગર્ભમાં લગભગ નવ માસ ઉપરનો સમય રહેતું, અને એ માતાના શરીરમાંથી પોષણ મેળવતું, અને આજે પણ એમ જ છે!

જન્મ પછી નવજાત શિશુના શરીરનો ક્રમબદ્ધ વિકાસ થતો! અને આજે પણ એમ જ છે. ત્યારે માતાપિતા પોતાના સંતાનોને સાચાં ધર્મની સંસ્કૃતિના સંસ્કારનો વારસો આપતા, અને તેઓ એને અનુસરતા! અહીં થોડીક તકલીફ છે! કોઈ કોઈ માતાપિતા પોતે જ સાચા ધર્મ ને સમજતા નથી, અને કોઈ કોઈ સંતાન એને સાચી રીતે એ ધર્મ સ્વીકારતા નથી! અને એટલે જ સમાજમાં નથી એવાં દશરથ કૌશલ્યા કે નથી લક્ષ્મણ ભરત શત્રુધ્ન! નથી સીતા માંડવી ઉર્મિલા કે શુતકિર્તી જેવી સ્ત્રીઓ જેમણે ત્યાગ સમર્પણ અને બલિદાન ને પણ વરદાન જેમ નિભાવ્યા. રામનું ચરિત્ર આ બધાં ચરિત્રનો સમન્વય કરીને નિપજ્યું હતું! બસ આટલો જ સમયનો પ્રભાવ છે, છતાં એનું પરિણામ કેટલું ભયંકર છે! એ આપણે જોઈ શકીએ છીએ. એટલે મુખ્ય આધાર સંસ્કારનો છે, જે પ્રભુ શ્રી રામને મળ્યા! એ આપણે આપી નથી શકતાં, અથવા એનું એટલું નિષ્ઠાથી પાલન થતું નથી, માટે સમાજમાં રામ જેવાં ઉત્તમ અને ઉજળા ચરિત્રની ખોટ વર્તાય છે. ફરી એ યુગ તરફ દ્રષ્ટિ કરીએ તો, ત્રેતાયુગમાં ભગવાન રામ થઈ ગયાં,અને અધર્મ એટલે કે પાપાચાર વધી ગયો એટલે એમણે જન્મ લીધો. એ કાળને ઋષિ મુનીઓનો કાળ એવું પણ કહેવાય છે, અને તપ કરવું એટલે સહન કરવું, એ રીતે જોઈએ તો, વર્ષો સુધી કોઈ લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે સહન કરી અને કોઈ સિદ્ધિ કે પ્રસિદ્ધિ મેળવી, અને તેનો ઉપયોગ લોક કલ્યાણ માટે કરે, તેને ઋષિ અથવા મુનિ કહેવામાં આવે છે. ત્રેતા યુગમાં ઘણા બધા ઋષિમુનિઓ થઈ ગયાં, અને તે દરેકની સિદ્ધિ પ્રસિદ્ધિ લોક કલ્યાણ માટે જ ઉપયોગી સાબિત થઈ.

વૈજ્ઞાનિકો શોધ કરી જે કાર્ય કરે, એવું કાર્ય એ સમયના ઋષિ મુનિ ઓ કરતાં હતાં. પરંતુ માત્ર ઋષિમુનિઓ જ તપ કરી સિદ્ધિ પ્રસિદ્ધિ મેળવતાં હતાં તેવું નહોતું, અસુર એટલે કે દાનવો પણ સિદ્ધિ માટે, કે વરદાન માટે, વર્ષો સુધી તપ કરતાં હતાં, અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આ ત્રિદેવ પાસેથી પોતાના હિત માટેના વરદાન પ્રાપ્ત કરતાં હતાં, અને પછી એ વરદાન મુજબ પોતાનું સામ્રાજ્ય વધારી, અને લોકોને પરેશાન કરતાં હતાં, અને એટલે પૃથ્વી પર આ રીતે અસુરોનો પાપાચાર વધી ગયો હતો. દરેક માનવી સત્વ, રજસ, અને તમોગુણથી ઘેરાયેલો હોય છે, પરંતુ માત્રા ભેદે તે સુર કે અસુર બને છે. સત્વગુણની પ્રધાનતા ઋષિમુનિઓમાં જોવા મળે છે. રજસ ગુણની પ્રધાનતા દેવ એટલે કે સુર માં જોવા મળે છે, અને તમોગુણની અત્યંત હિંસક વૃત્તિ અસુર એટલે કે દાનવમાં જોવા મળે છે. ત્રેતાયુગમાં રાવણ નામના દાનવનો પાપાચાર વધી ગયો, અને પૃથ્વી સહિત દેવતાઓ ત્રાહિમામ પોકારી ગયાં, અને તેમણે ભગવાન વિષ્ણુની આરાધના કરી. ભગવાને પ્રસન્ન થઈને પોતે રામાવતાર તરીકે જન્મ લઈ, રાવણનો વધ કરી પૃથ્વી પર ધર્મની પુનઃ સ્થાપના કરશે તેવું વચન આપ્યું. ભગવાન રામનો જન્મ થયો, અને અવતાર લીલા માટે તેમને વનવાસ થયો. વનવાસ દરમિયાન સીતાનું રાવણ દ્વારા અપહરણ થયું અને, આમ રામ રાવણનાં ભીષણ યુદ્ધને અંતે રામનો વિજય થયો, અને ત્યાર બાદ અયોધ્યામાં રામ રાજ્યની સ્થાપના થઈ. આનાં પરથી એક કારણ એ પણ કાઢી શકાય કે, પ્રભુ હોવા છતાં રામરાજ્ય માટે એમનું વનમાં જવું જરૂરી હતું. એટલે કે રામ માટે પણ વનવાસ વગર રામરાજ્ય શક્ય નથી.

વનવાસનો સીધોસાદો અર્થ કરીએ, તો ભોગ એટલે કે સંસારનો ત્યાગ અને સન્યાસનો સ્વીકાર! હવે આવી અઘરી શરત આ કાળમાં નિભાવવી કેમ શક્ય બને! પણ હમણાં જ શ્રાવસ્થીની કથામાં પૂજ્ય બાપુ એ કહ્યું કે અંતરમાં ભોગની કામના વૃત્તિ ન રહે, ત્યારે ભોગવાતા ભોગ આપણામાં વિકાર પેદા કરતા નથી, એટલે આપણે સંન્યાસી કે વનવાસી છીએ! બસ આ મૂળભાવને પકડીને આપણે સૌ સંન્યાસી કે વનવાસી બની શકીએ છીએ. એટલે કે ભોગ વિષયને લગતી કામનાથી અલિપ્ત રહી શકાય, તો આ ઘટના યુગોના અંતરને ઘટાડી શકે, અને આજે જ રામરાજ્ય સ્થપાય! પણ સ્વાવલંબી થવામાં આપણે સ્વલંબી અને સ્વછંદી થઈ ગયા છીએ, એટલે આપણી મુલ્યવાન સંસ્કૃતિ કે જેમાં પરમાર્થ એટલે કે સૌ માટે સંવેદના એ મુખ્ય ભાવ હતો, ત્યાં સ્વાર્થ અને સ્વ કેન્દ્રિત જીવન થઈ ગયું છે, માટે આપણે માત્ર સંસારી થઈ રહી ગયા. તો કાળ ગમે તે હોય, આપણી ભોગ પ્રત્યેની લાલાયિતાને કારણે જ, આપણે આ બધી વિષમતાઓ ઉભી કરી છે, અને એટલે જ જેતે વ્યક્તિ આ ભોગથી વંચિત રહે છે, એ એને મેળવવા ધર્મ છોડી અધર્મનું આચરણ કરે છે.તો રામરાજ્ય માટે સમાજમાં પ્રવર્તમાન અસમાનતાના ગ્રાફનુ ઘટવું બહુ જરૂરી છે, અને બસ આપણાથી થાય એટલું આ અંતર ઘટાડવાની આપણે શરુઆત કરીએ તો મંઝિલ દૂર નથી. આપણે સૌ આ રીતે આ ચરિત્રને આત્મસાત કરી, પ્રભુ રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવીને, રામરાજ્ય સુધી પહોંચી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# મન મેલું હશે ત્યાં સુધી સેવામાં આનંદ આવતો નથી માટે મનમાંથી મલિનતા કાઢવું ખૂબ મહત્વપૂર્ણ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

મૈલી ચાદર ઓઢ કે કૈસે, દ્વાર તુમ્હારે આઉં, હે પાવન પરમેશ્વર મેરે, મન હી મન શરમાઉં તુમને મુઝકો જગમેં ભેજા, નિર્મલ દેકર કાયા,આકર કે સંસાર મેં મૈંને, ઈસકો દાગ લગાયા,જનમ જનમ કી મૈલી ચાદર, કૈસે દાગ છુડાઉં... મૈલી નિરમલ વાણી પાકર તુઝસે, નામ ન તેરા ગાયા, નૈન મુંદ કર હે પરમેશ્વર, કભી ન તુઝકો ધ્યાયા, મન વીણાકી તારેં તૂટી, અબ ક્યા ગીત સુનાઉં.. મૈલી ઈન પૈરોંસે ચલકર તેરે, મંદિર કભી ન આયા, જહાં જહાં હો પૂજા તેરી કભી ન શીશ ઝુકાયા,હે હરિ હર મૈં હારકે આયા,અબ ક્યા હાર ચઢાઉં. શ્રીમદ ભગવદ ગીતામાં કહયું છે કે ઈશ્વરને એવી ઈચ્છા નથી કે કોઈ મારી સેવા કરે. તેને કોઈ વસ્તુની અપેક્ષા નથી. તેની ઈચ્છા એવી નથી કે, વૈષ્ણવો મને ભોગ ધરે. ઈશ્વરને ખાવાની ઈચ્છા નથી, ઈશ્વર નિષ્કામ છે. આ તો ઈશ્વરનું ઈશ્વરને અર્પણ કરવાનું છે. પ્રેમથી અર્પણ કરશો તો ભગવાન પ્રસન્ન થશે. ભાગવત નિવેદન કર્યા વગર કાંઈ ખાશો નહીં. ઈશ્વરને અર્પણ કર્યા વગર ખાય તે પાપ જમે છે. ઈશ્વરને અર્પણ કરશો તો અનંત ગણું બનાવીને ઈશ્વર પાછું આપશે ભગવાન ફક્ત તમારો ભાવ જુએ છે. ભગવાનને ઘરે ક્યાં ખોટ છે? ભગવાને આપેલું જ તમારે તેને આપવાનું છે. કોઈ વસ્તુને ઉત્પન્ન કરવાની શક્તિ જીવમાં નથી. આ સર્વ શ્રીકૃષ્ણનું છે. તમારી અર્પણ કરવાની રીતથી તમારો ભાવ દેખાઈ આવશે. દીવો કરવાથી સેવકને કે આરતી ઊતારવાથી ભગવાનના ઘરે અજવાળું થવાનું નથી, તેથી પ્રકાશ તમારા હૃદયમાં થશે. ઈશ્વરનું અંગ સ્વયં પ્રકાશમય છે. સેવા કરવાથી સેવકને સુખ થાય છે. તેથી ભગવાનને સુખ મળવાનું હતું? તે તો પરમાનંદ સ્વરૂપ છે. જીવને આપનાર ઈશ્વર છે, પરંતુ મનુષ્ય નિવેદન કરે એટલે ભગવાન ખાય છે. સેવા અને પૂજામાં ભેદ છે, જ્યાં પ્રેમપ્રધાન છે તે સેવા.જ્યાં વેદ મંત્રો પ્રધાન છે તે પૂજા. પૂજા કરો તો અનન્ય પ્રેમથી પૂજા કરો. સ્નેહ વગરનું સમર્પણ વ્યર્થ જાય છે. સારાં કપડાં બગડવાની બીકે મંદિર માં મનુષ્ય ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરતો નથી. દુ:ખની વાત છે કે, માણસ કપડાંની ચિંતા કરે છે, અને નરકમાં પડવું પડશે તેની ચિંતા કરતો નથી.

દક્ષિણમાં એક કથા પ્રચલિત છે. એક ગામમાં એક ગૃહસ્થને ત્યાં લગ્ન હતાં. વિઘ્નનાશ માટે સર્વ પ્રથમ ગણપતિજીની પૂજા કરવાની હોય છે. ગોર મહારાજે પૂજા કરતી વખતે જોયું તો ગણપતિની મૂર્તિ હતી નહીં, હવે શું થાય? ગોર મહારાજે નૈવેદ્યનો ગોળ હતો, તે ગોળના ગણપતિ બનાવ્યાને યજમાનને પૂજા કરવાનું કહ્યું. ધૂપદીપ થયા પછી નૈવેદ્ય અર્પણ કરવાનો સમય આવ્યો. નૈવેદ્યના ગોળના તો ગણપતિ બનાવ્યા હતા. હવે નૈવેદ્ય લાવવું ક્યાંથી એટલે ગોરમહારાજે હવે તે ગોળના ગણપતિની મૂર્તિ માંથી થોડો ગોળ કાઢી લઈતે ગોળ નું નૈવેદ્ય ધર્યું.ગોળના ગણપતિ અને ગોળનું નૈવેદ્ય!આવી પૂજાથી પણ ગણ પતિ પ્રસન્ન થયા. યજમાનના કાર્ય માં કંઈ વિઘ્ન ન આવ્યું,કારણ આ કાર્ય પાછળ ભાવના શુદ્ધ હતી વસ્તુનું મહત્ત્વ નથી પણ ભાવની મહત્તા છે. સેવા સદભાવ થી કરો તો સફળ થાય.સેવા કરતાં રોમાંચ થાય,આંખમાં આંસુ આવે, ને સાચી સેવા ક્રિયાત્મક નહીં ભાવાત્મક હોવી જોઈએ. થોડું કરો પણ પ્રેમપૂર્વક કરો.રસોઈ કરી ભગવાનને અર્પણ કરતાં કહો, પ્રભુ તમે તો વિશ્વંભર છો, વિશ્વનું ભરણપોષણ કરનાર છો. તમને કોણ જમાડી શકે? તમારું તમને અર્પણ કરું છું. ઈશ્વરનું ઈશ્વરને અર્પણ કરવાન છે. અરે આ જીવ બીજું લાવે ક્યાંથી? બીજું છે જ ક્યાં? ફક્ત ભાવનાની કિંમત છે. પરમાત્મા પરિપૂર્ણ છે. ઈશ્વરને અપેક્ષા નથી.

પરમાત્માને કોઈ વસ્તુની ભૂખ નથી પણ ફક્ત પ્રેમની ભૂખ છે. ભગવાનને ભાવથી અર્પણ કરશો તો તે અનંતગણું કરીને આપે છે. ભક્તિમાર્ગમાં ભાવના વગર સિદ્ધિ મળતી નથી. જ્ઞાનમાર્ગમાં ત્યાગ અને વૈરાગ્યની જરૂર છે. બાળકને બાપ રૂપિયો આપે છે, ને પછી પાછો માગે છે ત્યારે બાળક તે આપતો નથી. પિતાને દુઃખ થાય છે કે, મેં રૂપિયો આપ્યો અને મને જ તે આપતો નથી, પણ જો બાળક રૂપિયો આપે તો પિતાને આનંદ થાય છે. રૂપિયો પિતાનો છે તો પણ આનંદ થાય છે. જીવમાત્રના પિતા ઈશ્વર છે. તેણે જે આપ્યું તે જ તેને આપવાનું છે. એવો નિયમ લેજો કે, ઠાકોરજીને અર્પણ કર્યા વગર હું ખાઈશ નહીં. ઘરમાં કોઈ જમનાર ન હોય તો પણ ભગવાન માટે રસોઈ બનાવો. કથામાંથી કાંઈ નિયમ નહીં લો તો કથા તમારી સાંભળી વ્યર્થ અને મારી કહી પણ વ્યર્થ. કેટલાક કહે છે. કથા સાંભળી નાખી! અરે કથા સાંભળીને નાખી દેવાની નહીં, કથા કાનમાં રાખવાની, કથા હૈયામાં રાખવાની છે.

કોઈ પણ સ્વરૂપની મૂર્તિ રાખી ભાવ અને પ્રેમપૂર્વક સેવા કરો. ચિત્રસ્વરૂપ કરતાં મૂર્તિરૂપ સારું છે, સેવા કરો ત્યારે એવી ભાવના રાખો કે, સાક્ષાત્ પરમાત્મા છે. સેવાના આરંભમાં ધ્યાન કરો, સંપત્તિ પ્રમાણે અર્થ કરો. સુંદર સિંહાસન બનાવો. ધ્યાન સાથે ભાવના કરો કે,ભગવાન વૈકુંઠ માંથી આવે છે. મારા ઘરમાં જે સેવ્ય સ્વરૂપ છે તેમાં ભગવાન પ્રવેશ કરે છે. સેવામાં બેથ ત્યારે કોઈ પણ આવે તેની સાથે બોલશો નહીં. દેહનું ભાન હોય તો તેને નમસ્કાર કરજો. પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ નથી. પરમાત્મા સમાન કોઈ નથી તો શ્રેષ્ઠ તો ક્યાંથી હોય? સેવામાં મનને પરોવી રાખવું એ સેવા છે. તમે શરીરમાં જેવો પ્રેમ રાખો છો એવો ઠાકોરજીના સ્વરૂપમાં પ્રેમ રાખજો.પરમાત્માના અનંત ઉપકાર છે.

પ્રભએ અનેક વખત માર રક્ષણ કર્યું છે. હું ભગવાનનો દાસાનુદાસ છું,આવો દાસ્યભાવ સેવામાં મુખ્ય છે. દાસ્યભાવ હૃદયને જલદી દીન બનાવે છે અને સેવા માં દીનતા આવે તો હૃદય જલદી પીગળે છે. શ્રીકૃષ્ણસેવામાં હૃદય ન પીગળો ત્યાં સુધી સેવા સફળ થતી નથી. દાસ્યભાવ વગર સેવા કળતી નથી. સેવા સ્નેહથી કરો સમપર્ણ ભાવથી કરો. મુર્તિમાં ભાગવતભાવ ન જાગે ત્યાં સુધી પ્રત્યેક પદાર્થમાં ઈશ્વરભાવ જાગશે નહીં. સેવા કરતાં નિષ્ઠા રાખો કે આ તો પ્રત્યક્ષ ઈશ્વર છે. કોઈ દિવસ પાપ થયું હોય અને સેવા કરો તો તે દિવસે પ્રભુ નારાજ થયેલો દેખાશે. જીવ પાપ કરે છે ત્યારે ઈશ્વરને દુઃખ થાય છે. મન મેલું હશે ત્યાં સુધી સેવામાં આનંદ આવતો નથી માટે મનમાંથી મલિનતા કાઢી નાખો. સેવામાં કેવી ભાવના અને દૃઢતા જોઈએ. એ બાબતમાં નામદેવ મહારાજનો દાખલો આગળ કહેવાઈ ગયો છે તોયે ફરી સાંભળવાનો આનંદ છે. નામદેવ ત્રણ વર્ષના હતા.ઘરમાં વિઠ્ઠલનાથ ની પૂજા હતી. પિતાને બહારગામ જવાનું થયું છે. નામદેવને પૂજાનું કામ સોંપ્યું. પિતા સમજાવે છે કે, બેટા, ઘરના માલિક વિઠ્ઠલનાથ છે તેની સેવા કર્યા વગર ખાઈએ તો પાપ લાગે. આ ઘરમાં જે કાંઈ છે તે આપણું નથી,વિઠ્ઠલનાથનું છે.સર્વના માલિક વિઠ્ઠલનાથ છે. માટે પહેલો ભોગ ઠાકોરજીને ધરાવો પછી તે પ્રસાદ ગ્રહણ કરવો. બેટા, સવાર માં વહેલો જાગજે. નહાઈ-ધોઈ, પવિત્ર થઈ ભગવાનની પ્રાર્થના કરવી. પછી ઠાકોરજીને જગાડવા. તે પહેલાં ભોગસામગ્રી તૈયારી રાખવી. પછી ધીરેધીરે એમના ચરણ પખાળવાં. તેમને સ્નાન કરાવી એમના મુખાર વિંદની ઝાંખી કરવી,પછી ભગવાન ને શૃંગાર કરવો.

પૂછવું કે પીતાંબર લાવું? ઠાકોરજીના શૃંગારમાં અપૂર્વ આનંદનો અનુભવ થશે. શૃંગાર કર્યા પછી ભોગ અર્પણ કરવાનો. ઠાકોરજીને દૂધ ધરાવવાનું. વારંવાર પ્રાર્થના કરવી કે, તમારે જરૂર નથી. પણ તમે આરોગો એવી મારી ભાવના છે. ફરી ફરી આમ પ્રાર્થના કરવી. ઠાકોરજી દૂધ આરોગે,પછી તેમાં થી પ્રસાદ લેવો. આમ સેવા કરી છેલ્લે બકોરજીને સાષ્ટાંગ પ્રણામ કરવા. નામદેવે પિતાજીએ કહેલી સર્વ વાત સાચી માની લીધી. નામદેવના મનમાં ઠસી ગયું કે, ભગવાન દૂધ પીશે. વાત ઠસી ગઈ કે, પરમાત્મા જમે છે. પ્રાતઃકાળમાં ચાર વાગ્યે બાળક ઊઠ્યો. "ભગવાનને પ્રેમથી જગાડયા. ઠાકોરજીના ચરણ પખાળી સુંદર શણગાર કર્યો. વિઠ્ઠલનાથ પ્રસન્ન દેખાયા. નામદેવ દૂધ લઈ આવ્યો, વિઠ્ઠલ, તમે જગતને જમાડનાર છો. હું તમને શું જમાડી શકું! તમારું તમને અર્પણ કરું છું. નામદેવ વારંવાર વિઠ્ઠલનાથને મનાવે છે. વિનવણીઓ કરે છે પણ વિઠ્ઠલ દૂધ પીતા નથી. કાળ પ્રેમથી નામદેવને નિહાળે છે. નામદેવ કહે, દૂધ કેમ પીતા નથી? જલદી પીઓ. તમને ભૂખ લાગી હશે. તો યે ભગવાન દધ પીતા નથી. જડ નહીં પણ ચેતન બની છે. વિઠ્ઠલ દૂધ પીતા હતા. નામદેવને આનંદ થયો. આશા હતી. પછાડીશ! બાળક જ્યાં માથું પછાડવા તૈયાર થયો કે. પરમાત્મા એ દધનો કટોરો ઊઠાવ્યો. મૂર્તિ જડ નહી પણ ચેતન બની છે. વિઠ્ઠલ દૂધ પીતા હતા. નામદેવને આનંદ થયો. આશા હતી,વિઠ્ઠલ નાથ થોડો પ્રસાદ આપશે. તે બોલી પડ્યો, વિઠ્ઠલનાથ,તમને આજે શું થયું છે? તમે એકલા દૂધ પી જશો? મને દૂધ પીવડાવો અને વિઠ્ઠલનાથે નામદેવને ગોદમાં લીધો નામદેવે વિઠ્ઠલનાથને દૂધ પીવડાવ્યું અને વિઠ્ઠલનાથે નામદેવને દૂધ પાયું ભક્તિ પ્રેમ અને સેવા વગર સફળ થતી નથી. આ પ્રેમમાં એવી શક્તિ છે કે, નિષ્કામ સકામ બને છે, નિરાકાર સાકાર બને છે. પ્રેમ કરવા લાયક એક ઈશ્વર છે. સેવા કરતાં હૃદય પીગળે અને આંખમાંથી આંસુ નીકળે તો માનજો સેવા કરી. આપણા જ હૃદયનો પ્રેમ મૂર્તિમાં જાય છે ને મૂર્તિ ચેતન બને છે. પ્રેમમાં આવો ચમત્કાર કરવાની શક્તિ છે. આ જ્ઞાનમાં નથી. બિંબને શણગારો તો પ્રતિબિંબ સુંદર લાગશે. દ્રૌપદીની પરમાત્માએ લાજ રાખી. પછી એકાંતમાં શ્રીકૃષ્ણ-દ્રૌપદી મળ્યાં. દ્રૌપદીએ પ્રભુનો ઉપકાર માન્યો. પ્રભુ કહે છે, મેં કાંઈ ઉપકાર કર્યો નથી. આજે મેં તારું ઋણ ચૂકવ્યું છે. તને યાદ નથી, પણ મને યાદ છે. એક મારી આંગળી કપાઈ ત્યારે સર્વ રાણીઓ પાટો લેવા મહેલમાં દોડી.



# તને ટનલ સુધી મુકીને આવીશ, અંકિતાના પતિ વિકી જૈનને મુનવ્વરે આપી હતી ધમકી

## મુનવ્વર બિગ બોસના ઘરની છત પર ફેંકેલી ડોલ જોશે, ત્યારે તે અને અભિષેક સાથે મળીને ડોલને નીચે લાવવાનો પ્રયાસ કરશે

મુનવ્વર ફારૂકી, મન્નારા ચોપરા, અભિષેક કુમાર અને અરુણ મહશેટ્ટીની ટીમ 'એ' બિગ બોસ ૧૭ના ઘરમાં ખરાબ રીતે હારી ગઈ છે. હવે આગામી એપિસોડમાં ટીમ 'બી' ટોર્ચર ટાસ્કનો સામનો કરવા જઈ રહી છે. ટીમ 'બી'માં વિકી જૈન, આયેશા ખાન અને ઈશા માલવિયાની સાથે અંકિતા લોખંડેનો સમાવેશ થાય છે. પહેલા દિવસે અંકિતાની ટીમે ટીમ 'છ'ને ખૂબ ટોર્ચર કર્યું હતું. અને હવે ટીમ 'બી' એ બધી વસ્તુઓ છુપાવવાનું શરૂ કરી દીધું છે, જેની સાથે ટાસ્ક પહેલા તેમને ટોર્ચર કરી શકાય. જ્યારે મુનવ્વર બિગ બોસના ઘરની છત પર ફેંકેલી ડોલ જોશે, ત્યારે તે અને અભિષેક સાથે મળીને ડોલને નીચે લાવવાનો પ્રયાસ કરશે. મુનવ્વર અને વિક્કી વચ્ચે આ બાબતને લઈને દલીલ થશે અને બંને એકબીજાનો કોલર પકડશે. આ લડાઈ વચ્ચે મુનવ્વર અંકિતા લોખંડેના પતિ વિકી જૈનને ધમકી આપશે અને કહેશે કે હું તને ટનલ સુધી છોડી દઈશ.

વાસ્તવમાં જ્યારે સ્પર્ધકો બિગ બોસના ઘરમાંથી બહાર નીકળે છે, ત્યારે તેઓ ટનલમાંથી પસાર થાય છે. આ જ કારણ છે કે મુનવ્વરે ટનલના નામ પર વિક્કી જૈનને ધમકી આપી હતી અને કહ્યું હતું કે ટૂંક સમયમાં તે તેને બિગ બોસના ઘરમાંથી બહાર કાઢી મુકશે. વાસ્તવમાં જ્યારે મુનવ્વર અને અભિષેક છત પરથી ડોલ કાઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે વિક્કીએ તેમનો હાથ પકડીને તેમને નીચે ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. વિક્કીના આ પગલાથી મુનવ્વરને ઈજા થઈ શકે તેવું હતું અને આ જ કારણ છે કે કોમેડિયનને 'વિક્કી ભૈયા' પર ગુસ્સો આવ્યો હતો. પણ વિક્કી પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર નહોતો. તેનું આવું વર્તન જોઈને મુનવ્વરનો ગુસ્સો આસમાને પહોંચી ગયો હતો અને તેણે વિક્કીને બિગ બોસમાંથી બહાર કાઢી દેવાની ધમકી આપી હતી.




# પ્રભાસની પાછલી કેટલીક ફિલ્મો બોક્સ ઓફિસ પર ખાસ કમાલ ન કરી શકી

## પ્રભાસની ફિલ્મ સાલાર બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે, તેણે ૬ વર્ષ પછી સફળતાનો સ્વાદ ચાખ્યો છે

વર્ષ ૨૦૨૩માં ઘણા સુપરસ્ટાર્સે તેમની ફિલ્મો સાથે મોટા પડદા પર જોરદાર કમબેક કર્યું. આ યાદીમાં શાહરૂખ ખાનથી લઈને સની દેઓલ જેવા સ્ટાર્સ સામેલ છે. પરંતુ એક એવો સુપરસ્ટાર છે જેણે પોતાની એક ફિલ્મથી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી છે. તેનું નામ પ્રભાસ છે. તેની ફિલ્મ 'સાલાર' બોક્સ ઓફિસ પર દબદબો જમાવી રહી છે અને દરરોજ જોરદાર કલેક્શન કરી રહી છે. સુપરસ્ટાર પ્રભાસની ફિલ્મ 'સાલાર' બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે. તેણે ૬ વર્ષ પછી સફળતાનો સ્વાદ ચાખ્યો છે.

'સાલાર'ની સફળતા પહેલા તેની કોઈપણ ફિલ્મ એ જાદુ બતાવી શકી નથી જેવો જાદુ 'બાહુબલી ૨'એ કર્યો હતો. વર્ષ ૨૦૧૭માં પ્રભાસની ફિલ્મ 'બાહુબલી ૨'એ બોક્સ ઓફિસ પર ઘણી ધૂમ મચાવી હતી. એસએસ રાજામૌલી દ્વારા નિર્દેશિત આ ફિલ્મે વિશ્વભરમાં ૧૭૮૮ કરોડ રૂપિયાનો બિઝનેસ કરીને બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો હતો, પરંતુ આ પછી પ્રભાસનું કરિયર પાટા પરથી ઉતરી ગયું હતું. બાહુબલી ૨ પછી પ્રભાસની ફિલ્મો બોક્સ ઓફિસ પર ખાસ કમાલ ના કરી શકી. ૨૦૧૯માં રિલીઝ થયેલી પ્રભાસની 'સાહો'ને વિવેચકો અને પ્રેક્ષકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી પરંતુ બોક્સ ઓફિસ પર 'બાહુબલી ૨' જેટલી સફળ રહી નહોતી. આ પછી પ્રભાસે 'રાધે શ્યામ' નામની ફિલ્મમાં કામ કર્યું. વર્ષ ૨૦૨૨માં રિલીઝ થયેલી આ એક લવ સ્ટોરી ફિલ્મ હતી જેમાં પ્રભાસ પૂજા હેગડે સાથે જોવા મળ્યો હતો. થિયેટરોમાં રિલીઝ થયા પછી 'રાધે શ્યામ' દર્શકોના દિલ જીતવામાં નિષ્ફળ રહી અને પરિણામ એ આવ્યું કે ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ થઈ ગઈ.

વર્ષ ૨૦૨૩માં પ્રભાસની ફિલ્મ 'આદિપુરુષ'ની ખૂબ ચર્ચા થઈ હતી, પરંતુ તેની રિલીઝ પછી લોકોએ ફિલ્મની આકરી ટીકા કરી હતી. વીએફએક્સથી લઈને ફિલ્મના ડાયલોગ્સ સુધીની મજાક ઉડી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 'આદિપુરુષ'નું બજેટ લગભગ ૬૦૦ કરોડ હતું પરંતુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ. ૬ વર્ષ પછી પ્રભાસને એ ફિલ્મ મળી જેણે તેને ફરી એકવાર બોક્સ ઓફિસ પર સુપરસ્ટાર બનાવી દીધો. એ ફિલ્મનું નામ છે 'સાલાર'. આમાં તેણે પોતાના એક્શન અવતારથી ચાહકોને દંગ કરી દીધા. પ્રશાંત નીલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ આજે પણ બોક્સ ઓફિસ પર દરરોજ કરોડો રૂપિયાની કમાણી કરી રહી છે. ફિલ્મ ટ્રેડ એનાલિસ્ટ મનોબાલા વિજયબાલન અનુસાર, 'સાલાર'એ વિશ્વભરમાં ૭૧૦ કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કરી ચૂકી છે.

# ટ્વિંકલ ખન્નાએ ૫૦ વર્ષની ઉંમરે તેનું ગ્રેજ્યુએશન કર્યું પૂર્ણ

## અક્ષય અને ટ્વિંકલના લગ્નને ૨૦ વર્ષ થયા છે, તેમને ૨૧ વર્ષનો દીકરો આરવ અને ૧૧ વર્ષની દીકરી નિતારા છે



અભિનેતા અક્ષય કુમારની પત્ની ટ્વિંકલ ખન્નાએ લગ્ન બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચાવી દીધી છે. પાછી તે લેખન તરફ વળી હતી. ટ્વિંકલ તેની કટાક્ષયુક્ત લેખન શૈલી માટે જાણીતી છે. તે અવાર-નવાર સોશિયલ મીડિયા પર તેની પોસ્ટ્સને કારણે ચર્ચામાં આવે છે. પરંતુ હવે તે એક અલગ કારણોસર સમાચારમાં છે. ટ્વિંકલે તેનું અધૂરું સપનું પૂરું કર્યું છે. ૫૦ વર્ષની ઉંમરે તેણે સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી છે. અક્ષય કુમારે તેની પત્ની સાથેની તસવીર પોસ્ટ કરીને આ જાણકારી આપી હતી. તેમજ તેણે ટ્વિંકલના વખાણ પણ કર્યા હતા. આ ફોટોમાં ટ્વિંકલના માથા પર ગ્રેજ્યુએશન કેપ જોઈ શકાય છે. જ્યારે તમે મને બે વર્ષ પહેલાં કહ્યું હતું કે તમે ફરીથી અભ્યાસ કરવા માંગો છો, ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થયું હતું. પરંતુ જ્યારે મેં તને તેના માટે સખત મહેનત કરતા જોઈ ત્યારે મને સમજાયું કે મેં એક સુપરવુમન સાથે લગ્ન કર્યા છે. તમે તમારા બાળકો સાથે ઘર, કરિયર અને વિદ્યાર્થી જીવન ખૂબ જ સારી રીતે મેનેજ કર્યું છે. આજે તમારા ગ્રેજ્યુએશનના દિવસે મને લાગે છે કે જો મેં થોડો વધુ અભ્યાસ કર્યો હોત તો મને તમારા પર કેટલો ગર્વ છે તે કહેવા માટે મને પૂરતા શબ્દો મળ્યા હોત. ટીનાપ ઓલ ધ બેસ્ટ અને આઈ લવ યુ', અક્ષય કુમારે આ શબ્દોમાં પોતાની લાગણી વ્યક્ત કરી હતી. અક્ષયની આ પોસ્ટ પર ટ્વિંકલે કોમેન્ટ પણ કરી છે. 'હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મને એવો પાર્ટનર મળ્યો જે મને ઉંચી છલાંગ લગાવવા માટે પ્રોત્સાહિત કરે છે. પણ જો હું પડી જાઉં તો પણ તે હંમેશા મને ઉપાડવા તૈયાર હોય છે અને હું ઘણી વાર પડી જઉં, ખરું ને? તેમણે કહ્યું કે, આવતીકાલે ૨૩ વર્ષ પૂર્ણ થશે. ટ્વિંકલે પણ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ લખીને પોતાની લાગણી વ્યક્ત કરી હતી. 'પપપ અને આ મારો ગ્રેજ્યુએશન દિવસ છે. ગોલ્ડસ્મિથ્સમાં મારો પ્રથમ દિવસ એવો લાગે છે કે તે ગઈકાલે અથવા વર્ષો પહેલાનો હોય.



# જેકી શ્રોફએ રામ મંદિરના પ્રાંગણ અને સીડીઓ પર સફાઈ કરી

બોલીવુડના બિડુ એટલે કે જેકી શ્રોફનો એક વીડિયો હાલમાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠામાં સામેલ થવા માટે કેટલાય સ્ટાર આમંત્રિત કર્યા છે અને ૨૨ જાન્યુઆરીની રાહ જોઈ રહ્યા છે. તો વળી આ તૈયારીઓની વચ્ચે જેકી શ્રોફ રામ મંદિરના પ્રાંગણ અને મંદિરની સીડીને સાફ કરતા જોવા મળ્યા હતા. વીડિયો વાયરલ થયો તો લોકોએ તેના ખૂબ વખાણ કર્યા હતા. ૬૬ વર્ષના જેકી શ્રોફે સૌથી જુના રામ મંદિરની સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. આ મંદિર અયોધ્યામાં નહીં પણ મુંબઈનું છે. ભગવાન પ્રત્યે એક્ટરનો આ લગાવ જોઈ ફેન્સ તેમની સાદગીના વખાણ કરતા થાકતા નથી. હકીકતમાં જોઈએ તો, તાજેતરમાં જ જેકી શ્રોફ મુંબઈના સૌથી જુના મંદિરમાં આવ્યા હતા.

જ્યાં તેમણે વર્ષો જુના રામ મંદિરની બહાર અને મંદિરની સીડીઓ સાફ કરતા જોવા મળ્યા હતા. આ દરમ્યાન તેમની સાથે અનેક લોકો હતા. તેમ છતાં પણ જગ્ગુ દાદા હાથમાં ગ્લવ્ઝ પહેરીને સફાઈ કરવામાં લાગી ગયા હતા. સાફ-સફાઈની સાથે સાથે તેમણે ઝાડને પાણી આપ્યું હતું. જેકી શ્રોફના આ વીડિયોને લોકો ખૂબ જ પસંદ કરી રહ્યા છે. એક્સ પર યુઝર્સે આ વીડિયોને ખૂબ જ લાઈક કરી રહ્યા છે. એક યુઝર્સે કમેન્ટ કરી કે, જે માણસ ઝીરોમાંથી હીરો બન્યો તે પોતાનું મહત્વ સમજે છે. બીજાએ લખ્યું કે, કેમેરાની સામે અને પાછળ સૌથી વિનમ્ર માણસ છે. એક અન્યએ લખ્યું કે, ૧ નંબર બિડુ. મંદિર અયોધ્યામાં નહીં પણ મુંબઈનું છે, ભગવાન પ્રત્યે એક્ટરનો આ લગાવ જોઈ ફેન્સ તેમની સાદગીના વખાણ કરતા થાકતા નથી.



જેકી શ્રોફનો સફાઈ વાળો વીડિયો જોઈ લોકો ખુશ થઈ ગયા

# ૧૦-૧૦ના રુમમાં રહેતા હતા અભિનેતા જેકી શ્રોફ

## ચાર દાયકાથી વધુની કારકિર્દીમાં શ્રોફે ૧૩ ભાષાઓમાં ૨૨૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે

જેકીનો જન્મ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં સ્થિત એક ગુજરાતી પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ કાકુભાઈ શ્રોફ અને માતાનું નામ રીટા છે. જેકીના પરિવારમાં તેની પત્ની આયેશા શ્રોફ અને બે બાળકો છે. જેકીના પુત્રનું નામ ટાઈગર અને પુત્રીનું નામ કૃષ્ણા છે. જેકી શ્રોફ તેની ગર્લફ્રેન્ડ આયેશા દત્ત સાથે લગ્ન કર્યા, જે એક મોડલ છે જેઓ પાછળથી ફિલ્મ નિર્માતા બની હતી, તેના જન્મદિવસ ૫ જૂન ૧૯૮૭ના રોજ થયો છે. આ કપલ જેકી શ્રોફ એન્ટરટેઈનમેન્ટ લિમિટેડ મીડિયા કંપની ચલાવે છે.

જયકિશન કાકુભાઈ સરાફનો જન્મ ૧ ફેબ્રુઆરી ૧૯૫૭ના રોજ થયો છે. તેમના સ્ક્રીન નામ જેકી શ્રોફથી વધુ જાણીતા છે, ચાર દાયકાથી વધુની કારકિર્દીમાં શ્રોફે ૧૩ ભાષાઓમાં ૨૨૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે.

બોલિવૂડમાં ૨૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કરી ચુકેલા જેકી શ્રોફે ફિલ્મ હીરોની એન્ટ્રીથી દુનિયામાં પ્રવેશ કર્યો અને દરેક જગ્યાએ પોતાનો જાદુ ફેલાવ્યો.જેકી શ્રોફના પિતાનું નામ કાકુભાઈ શ્રોફ હતું, જેઓ જ્યોતિષી પણ હતા. જ્યારે માતા રીટા કઝાકિસ્તાનની હતી. જેકી શ્રોફ બોલિવૂડના એવા કેટલાક કલાકારોમાંથી એક છે જેમની બોલિવૂડમાં કોઈ ઓળખતું ન હતુ અને પોતાની ઓળખ બનાવી છે.જેકીએ ૧૯૮૨માં દેવાનંદની ફિલ્મ 'સ્વામી દાદા'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આયેશા દત્ત તેના પુત્ર ટાઈગર શ્રોફ સાથે ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતી રહે છે. જેકી શ્રોફની પત્ની આયેશા શ્રોફે મોડલિંગ કર્યું હતું અને ફિલ્મોમાં પણ કામ કર્યું હતું.

આયેશા શ્રોફે ૧૯૮૪માં રિલીઝ થયેલી ફિલ્મ 'તેરી બાહોં મેં' સહિત ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે.જેકી શ્રોફ અને આયેશા શ્રોફને બે બાળકો છે પુત્ર અભિનેતા ટાઈગર શ્રોફનો (જન્મ ૧૯૯૦) અને એક પુત્રી કૃષ્ણા શ્રોફનો (જન્મ ૧૯૯૩)માં થયો છે. જેકી શ્રોફે ગુજરાતી ફિલ્મ વેન્ટિલેટરમાં પણ કામ કર્યું છે. આ ફિલ્મ ચાહકોને સારી પસંદ આવી હતી.

ગુજરાતમાં થયો જન્મ, રીંગણાનો ઓળો છે ફેમસ, અભિનેતાનો જન્મ પણ ગુજરાતમાં થયો છે. જેકી શ્રોફની પાસે ઓર્ગેનિક ફાર્મ છે, જ્યાં તે ઓર્ગેનિક છોડ, ઝાડ અને જડીબુટ્ટીઓ ઉગાડે છે. તેઓ થેલેસેમિયા ઈન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે અને વર્ષોથી HIV/AIDS જાગૃતિ અને સ્ત્રી ભ્રૂણ હત્યા નાબૂદી જેવા ઘણા કારણોને સમર્થન આપ્યું છે. બાળકોની સારવાર અને શિક્ષણ માટે પણ ભંડોળ પૂરું પાડ્યું છે.

બોલિવૂડ એક્ટર ટાઈગર શ્રોફની બહેન કૃષ્ણા શ્રોફની લોકપ્રિયતા કોઈ સ્ટારથી ઓછી નથી. તેના ફોટોશૂટ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવે છે. કૃષ્ણા શ્રોફે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેના લેટેસ્ટ ફોટો પોસ્ટ કરે છે જેમાં તે બોલ્ડ અવતારમાં જોવા મળતી હોય છે. પોતાની ફિટનેસ પર ખુબ જ ધ્યાન રાખે છે.



# યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા સાહેબની ઉપસ્થિતિમાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા



**। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૭ ।**

કપડવંજ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાની પ્રેરક ઉપસ્થિતમાં મંદિરને પાણીથી ધોઈ સમગ્ર મંદિર પરિસરમાં સફાઈ કરવામાં આવી હતી.

અયોધ્યામાં ભગવાન શ્રી રામના નવનિર્મિત ભવ્ય મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અગાઉ ભારતીય જનતા પાર્ટી ધ્વારા સમગ્ર દેશભરમાં મંદિરોને પાણી થી ધોઈ સફાઈ કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ખેડા જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાના નેતૃત્વમાં સમગ્ર ભારતીય જનતા પાર્ટી ટીમ, કરકરીયા, કેવડીયા, ભઈલાકુઈ મહિલા મંડળની બહેનોની ટીમ, સમગ્ર વિસ્તારના સર્વે આગેવાનો અને ભાજપ કાર્યકરો દ્વારા મંદિરને પાણીથી ધોઈ સાફ સફાઈ કરી સમગ્ર મંદિર પરિસર સહિતના વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા, મહંત શ્રી અનિરૂધ્ધગીરી મહારાજ, ખેડા જિલ્લા ભાજપ મંત્રી શ્રી ધૂળસિંહ સોલંકી, મહામંત્રી શ્રી જીતુભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, ખેડા જિલ્લા બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા, એપીએમસી પૂર્વ પ્રમુખ શ્રી નિલેશભાઈ પટેલ, જિલ્લા કિસાન મોર્ચા પ્રમુખ શ્રી ચિમનભાઈ પટેલ, ઉપ પ્રમુખ શ્રી નગીનભાઈ પટેલ, તાલુકા કિસાન મોર્ચા પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ અને તેમની ટીમ, યુવા મોરચા પ્રમુખ શ્રી કેતનભાઈ પટેલ, શ્રી નિખિલભાઈ પટેલ અને તેમની ટીમ, પૂર્વ તાલુકા પંચાયત ઉપ પ્રમુખ શ્રી પારસભાઈ ચૌહાણ, શ્રી ચેતનસિંહ વાધજીપુર, શ્રી નવનીતભાઈ ચૌહાણ, શ્રી ડી.કે. ચૌહાણ, શ્રી નવનીતભાઈ સેવક અને મંદિર ટ્રસ્ટ ટીમ, પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના આગેવાન શ્રી બુધાભાઈ ખડાયતા, શ્રી અનિલભાઈ સેવક એડવોકેટ, સરપંચશ્રી બુધાભાઈ સોલંકી, પૂર્વ સરપંચ શ્રી દોલતસિંહ ચૌહાણ, શ્રી કિશનસિંહ ઠાકોર, શ્રી મનુભાઈ પ્રજાપતિ આતરસુંબા, શ્રી નયનભાઈ પટેલ કપડવંજ શ્રી મનિષભાઈ પટેલ સહિત ભાજપ કાર્યકર ભાઈઓ બહેનો અને તમામ હોદેદારો આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉલ્લેખનીય છે કે, ૨૨મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ અયોધ્યામાં રામ મંદિર પ્રતિષ્ઠા અને ઉદ્ઘાટન અગાઉ દેશભરના તમામ મંદિરોને પાણી થી ધોઈ સ્વચ્છતા સફાઈ અભિયાન હાથ ધરવા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ધ્વારા તમામને આહવાન કરવામાં આવ્યું છે. જેના ભાગ રૂપે કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સાહેબના નેતૃત્વમાં કપડવંજ તાલુકા ભાજપની સમગ્ર ટીમો દ્વારા યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ.

# સુરેન્દ્રનગર-દૂધરેજ અને વઢવાણ નગરપાલિકા દ્વારા કોટેશ્વર મહાદેવ મંદિરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

**। (માહિતી બ્યુરો) સુરેન્દ્રનગર, તા.૧૭ ।**

અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના શુભ અવસર પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશના ધાર્મિક સ્થળોમાં સફાઈ અભિયાન માટે આહવાન કર્યું છે. જે સંદર્ભે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' ના સુત્રને સાર્થક કરવા માટે તા.૧૪/૦૧/૨૦૨૪ થી તા.૨૨/૦૧/૨૦૨૪ દરમ્યાન ગુજરાત રાજ્યના તમામ ગ્રામ્ય/શહેરી વિસ્તારના નાના મોટા તમામ ધાર્મિક સ્થળોને સ્વચ્છ અને સુઘડ બનાવવા જન અભિયાન હાથ ધરવા આવ્યું છે.

જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળો પર સફાઈ અભિયાન નિયમિતપણે હાથ ધરવામાં આવી રહ્યું છે. આજ રોજ સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર-૩, મિત્રમંડળ સોસાયટીમાં આવેલ કોટેશ્વર મહાદેવ મંદિરની અંદર તેમજ મંદિરની આસપાસ સ્થાનિક નાગરિકો અને નગરપાલિકાના સેનીટેશન સ્ટાફ દ્વારા સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનમાં વોર્ડ સદસ્યશ્રી રવીન્દ્રભાઈ ચૌહાણ, માલતીબેન કડ તેમજ સ્થાનિક નાગરિકશ્રી હાર્દિકભાઈ ટમાલીયા, રૂપસિંહભાઈ સાવડીયા વગેરે હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, નગરપાલિકા પ્રમુખશ્રી જીજ્ઞાબેન પંડ્યા, કારોબારી ચેરમેનશ્રી જીતેન્દ્રસિંહ ચાવડા, સ્વચ્છતા સમિતિ ચેરમેનશ્રી હરેશભાઈ જાદવ, સેનેટરી ઈન્સ્પેક્ટરશ્રી હીનાબેન રાઠવા દ્વારા દૈનિક સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# તીર્થ ક્ષેત્રે સ્વચ્છતા અભિયાન : ઘેલા સોમનાથ મંદિર તથા ગૌશાળામાં સઘન સ્વચ્છતા કરાઈ



**। (માહિતી) રાજકોટ, તા.૧૭ ।**

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧૪ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી દેશભરમાં તમામ નાના મોટા ધર્મસ્થળો પર સાર્વત્રિક રીતે સંપૂર્ણ સાફ-સફાઈ અભિયાન હાથ ધરવા આહવાન કર્યું છે. જેને અનુસરતા આજે રાજકોટ જિલ્લામાં ઘેલા સોમનાથ મંદિર તેમજ મંદિર પાસેની ગૌશાળા ખાતે સઘન સ્વચ્છતા કરવામાં આવી હતી.

આજરોજ વિંછીયા તાલુકાનાં સોમ પીપળીયા ગામે સ્વછતા ભારત મિશન અન્વયે જાણીતા તીર્થસ્થળ ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં સઘન સફાઈ કરવામાં આવી હતી. આ ઉપરાંત મંદિરની ગૌશાળાની આજુબાજુના વિસ્તારોમાં પણ વધારાનો કચરો, પ્લાસ્ટિક, ઝાડી-ઝાંખરા, કાંકરા વગેરે દૂર કરીને વિસ્તારને ચોખ્ખો ચણાક બનાવવામાં આવ્યો હતો.

મહત્ત્વનું છે કે, રાજ્યના નાના મોટા તમામ ધાર્મિક સ્થળોને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી આ જનઆંદોલન શરૂ થયું છે, ત્યારે રાજ્યના તમામ ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધાર્મિક સ્થળોને સ્વચ્છ અને સુઘડ બનાવવાનું અભિયાન શરૂ થયું છે. જેમાં તમામ યાત્રાધામોનું પરિસર, ધાર્મિકસ્થળોના મુખ્ય પ્રવેશ માર્ગો તથા ભક્તોની અવર જવર થતી આજુબાજુની જગ્યાની સ્વચ્છતા વ્યવસ્થિત રીતે જળવાય તેવી ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ઉપરાંત કચરો યોગ્ય જગ્યાએ સુવ્યવસ્થિત નિકાલ થાય તે માટે વિવિધ ક્ષેત્રોમાં કવાયતો કરવામાં આવી છે.

# સુત્રાપાડા નગરપાલિકા દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરના કેમ્પસની સાફ સફાઈ કરાઈ



**। (માહિતી) ગીર સોમનાથ, તા.૧૭ ।**

સુત્રાપાડા નગરપાલિકા દ્વારા "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" ના સુત્રને સાર્થક કરતુ સ્વચ્છતા અભિયાન તા.૨૨ જાન્યુઆરી સુધી સુત્રાપાડાના તમામ ધાર્મિક સ્થળોને સ્વચ્છ અને સુઘડ બનાવવા હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં ધાર્મિક સ્થળોને સ્વચ્છ અને સુઘડ બનાવવા જન અભિયાનના ભાગરૂપે આજ રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કેમ્પસ તેમજ તેની આજુબાજુના વિસ્તારની સાફ સફાઈ કરીને સ્વચ્છ અને સુઘડ બનાવાયુ હતું.

# જામનગરમાં "રાષ્ટ્રીય યુવા દિવસ" નિમિતે મદદનીશ નિયામકશ્રી (રોજગાર)ની કચેરી દ્વારા જોબફેર યોજાયો

**। (માહિતી) જામનગર, તા.૧૭ ।**

"રાષ્ટ્રીય યુવા દિવસ" નિમિતે ગત તા.૧૨ જાન્યુઆરીના રોજ મદદનીશ નિયામકશ્રી (રોજગાર) ની કચેરી, જામનગર ખાતે દરેક યુવાનને રોજગાર મળે તેવા ઉમદા ધ્યેય સાથે જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરુઆતમાં પ્રાદેશિક કચેરી (રોજગાર) રાજકોટના નાયબ નિયામક (રોજગાર) સુશ્રી ચેતનાબેન મારડિયાએ રોજગારીની તકો, રોજગાર કચેરીની કામગી-રી વિષે ઉમેદવારો અને નોકરીદાતાઓને પ્રેરણારૂપ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દ્વારા સ્વરોજગાર, રોજગાર રજીસ્ટ્રેશન, અનુબંધમ પોર્ટલ વિષે તેમજ જોબફેરની વિવિધ વેકેન્સી વિષે માહિતી આપવામાં આવી હતી. વિવિધ નોકરીદાતાઓ દ્વારા તેમની કંપનીઓની પ્રાથમિક માહિતી ઉમેદવારોને આપવામાં આવી હતી. આ જોબફેરમાં ૭ જેટલા ખાનગી એકમોના નોકરીદાતાશ્રીઓ દ્વારા હાજર ૧૨૪ જેટલા ઉમેદવારોનું સ્થળ પર જ ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો. જેમાં જોબફેરના અંતે ૬૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

### આણંદ જિલ્લાના તીર્થ સ્થળો અને ધર્મસ્થાનોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

# સ્વચ્છતા અભિયાન અંતર્ગત આણંદ શહેરના જાગનાથ મંદિરની સફાઈ કરવામાં આવી

### જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિતના મહાનુભાવો સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા

**। (માહિતી) આણંદ, તા.૧૭ ।**

દેશભરના તમામ નાના મોટા ધર્મસ્થાનો ખાતે સાફ સફાઈ હાથ ધરી ધાર્મિક સ્થળોને સ્વચ્છ અને પવિત્ર બનાવવા જન આંદોલન હાથ ધરવાના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને સમગ્ર દેશે સહર્ષ વધાવી લીધું છે. જેના પરિણામે સમગ્ર દેશમાં તા.૧૪-૦૧-૨૦૨૪ એટલે કે મકરસંક્રાતીના પર્વથી ધર્મસ્થાનકોની સ્વચ્છતાનું કાર્ય હાથ ધરાયું છે, જે આગામી તા.૨૨-૦૧-૨૦૨૪ સુધી ચાલશે.

દેશભરની સાથે આણંદ જિલ્લામાં પણ જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિલિંદ બાપનાના માર્ગદર્શન હેઠળ ધર્મસ્થાનો ખાતે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિલિંદ બાપના, ચીફ ઓફિસરશ્રી એસ.કે. ગરવાલ સહિતના મહાનુભાવો દ્વારા આણંદ શહેરના જાગનાથ મંદિરની સફાઈ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ જાગનાથ ગુરુકુલના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ સ્વચ્છતાને તેના જીવનની ટેવ બનાવવી જોઈએ. બાળકો નાનપણથી જ સ્વચ્છાગ્રહી બને તે ખૂબ જ જરૂરી છે. તેમણે



ગોપાલપુરા પ્રાથમિક શાળાના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ મોડલની કામગીરી ખૂબ જ સરાહનીય છે તેમ જણાવી જિલ્લાની તમામ શાળાઓને આ મોડલ અપનાવવા અપીલ કરી હતી.

આ તકે જિલ્લા કલેકટરશ્રીએ વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવીને પોતાના ઘર અને શાળાને સ્વચ્છ રાખવા જણાવ્યું હતું.

નોંધનીય છે કે, આણંદ જિલ્લામાં આવેલ વિવિધ મહત્વના અને નાના મોટા તીર્થ સ્થળો / ધર્મસ્થાનો તથા તેના પરિસર અને પરિસરને જોડતા મુખ્ય રસ્તાઓ તેમજ દર્શનાર્થીઓની અવર-જવર રહેતી હોય તેવી તમામ જગ્યાઓ અને ધાર્મિક સ્થળોએ સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત જિલ્લાના યાત્રાધામો અને ધાર્મિક સ્થળો પર થતા કચરાનો યોગ્ય જગ્યાએ સુવ્યવસ્થિત રીતે નિકાલ થાય તે મુજબ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

### વિકસિત ભારત સંકલ્પ યાત્રા

# ધોરાજી તાલુકામાં ભાદાજાળીયા અને પીપળીયા ગામના ૧૦૫૮ થી વધુ ગ્રામજનોનું થયું વિનામૂલ્યે હેલ્થ સ્ક્રીનીંગ



**। (માહિતી) રાજકોટ, તા.૧૭ ।**

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ પાત્રતા ધરાવતા નાગરિકો સુધી પહોંચાડવા માટે આયોજિત "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ભાદાજાળીયા અને પીપળીયા ગામે પહોંચી હતી, જ્યાં ગ્રામજનોએ સંકલ્પ યાત્રાનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં બંને ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલા હેલ્થ કેમ્પમાં ૧૦૫૮થી વધુ ગ્રામજનોનું વિનામૂલ્યે હેલ્થ સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. ડ્રોન નિર્દશન, પશુ આરોગ્ય કેમ્પ, સરકારની કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપતા સ્ટોલ પણ આ તકે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓનાં લાભાર્થીઓને સહાય વિતરણ તથા ગામની સશકત કિશોરી, તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતવીર, સ્થાનિક કલા કારીગરને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

"ધરતી કહે પુકાર કે" નાટ્ય કૃતિ તથા જૈવિક ખેતી કરતા ખેડૂતો સાથેના વાર્તાલાપ થકી ખેડુતોને માર્ગદર્શન આપી પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહીત કર્યા હતા. "મેરી કહાની, મેરી જુબાની" થીમ અન્વયે યોજનાકીય લાભ મેળવેલ લાભાર્થીઓએ સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રજાજોગ વિકસિત ભારત સંકલ્પ અન્વયેનો રેકોર્ડ કરેલો સંદેશો સાંભળી લોક કલ્યાણકારી યોજનાઓનાં લાભાર્થીઓનાં પ્રતિભાવો દર્શાવતી શોર્ટ ફિલ્મ નિહાળી હતી. ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા શપથ ગ્રહણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં ધોરાજી તાલુકા પંચાયત પ્રમુખશ્રી રવિભાઈ વડાલીયા, ભાદાજાળીયા સરપંચશ્રી સોનલબેન પાઘડાર, પીપળીયા ગામના સરપંચશ્રી રાજુભાઈ કોટડીયા, ઉપસરપંચશ્રી ચંદ્રેશભાઈ વાઘાણી, ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રી કે.સી. સરતેજા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી આર.વી.ગોહિલ, વિસ્તરણ અધિકારીશ્રીઓ ધર્મેન્દ્રભાઈ મહેતા, જયરાજસિંહ જાડેજા સહીત પશુપાલન વિભાગ, આરોગ્ય વિભાગ, ખેતીવાડી વિભાગ, આઈ.સી.ડી.એસ., બેંક, મહેસુલ વિભાગ સહિતનાં સંબધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. કેટલાક લોકો તમારા મગજ પર સવાર થઈ શકે છે એમની બસ અવગણના જ કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજી પૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

# કુરિયર કૌભાંડમાં મહિલાએ ગુમાવ્યા ૪૮ લાખ રૂપિયા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

ભારત સરકાર અને પોલીસ સતત ઓનલાઈન છેતરપિંડી અંગે જાગૃતિ ફેલાવી રહી છે, પરંતુ તેમ છતાં પણ આ કૌભાંડો સંબંધિત કિસ્સાઓ સામે આવે છે. આવી જ ઘટના બેંગલુરુમાં રહેતા એક વરિષ્ઠ પત્રકાર સાથે બની હતી, જેને વોટ્સએપ કોલ રિસીવ કરવો મોંઘો લાગ્યો હતો. આ છેતરપિંડીમાં વૃદ્ધાને લગભગ ૪૮ લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. આ ઘટના ૧૫ ડિસેમ્બરે બની હતી, જ્યારે વૃદ્ધ મહિલાને વોટ્સએપ કોલ આવ્યો હતો. છેતરપિંડી કરનારે, ફેડએક્સના કર્મચારી તરીકે દર્શાવતા કહ્યું કે વૃદ્ધના નામે એક પાર્સલ હતું, જેમાં ૨૪૦ ગ્રામ MDMA (દવા), ક્રેડિટ કાર્ડ અને પાસપોર્ટ હતા. તેને મુંબઈથી તાઈવાન મોકલવામાં આવી રહ્યો હતો, જે પકડાઈ ગયો છે. જ્યારે મહિલાએ કહ્યું કે તેણે આવું કોઈ પાર્સલ મોકલ્યું નથી, ત્યારે ગુંડાઓએ કહ્યું કે તેને મોકલવા માટે વૃદ્ધાના આધારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેની સામે કેસ નોંધવામાં આવી રહ્યો છે. આ પછી ગુંડાઓએ મહિલાને તેના મોબાઈલમાં એક એપ્લિકેશન ડાઉનલોડ કરી. આ પછી તેને કહેવામાં આવ્યું કે તેના બેંક ખાતામાં મની-લોન્ડરિંગ સંબંધિત પ્રવૃત્તિઓ થઈ છે અને હવે તેણે ભારતીય રિઝર્વ બેંકમાં સિક્યોરિટી ડિપોઝિટ જમા કરાવવી પડશે. ઠગોએ મહિલાને કહ્યું કે બેંક વેરિફિકેશન બાદ પૈસા પરત કરવામાં આવશે. ગુંડાઓએ તેને બેંક સંબંધિત મામલો ગણાવ્યો હતો અને વાતચીત ગુપ્ત રાખવા કહ્યું હતું. ૧૫-૨૩ ડિસેમ્બરની વચ્ચે, વૃદ્ધ વ્યક્તિએ તેના ખાતામાંથી ૪૮ લાખ રૂપિયા છેતરપિંડી કરનારાઓના ખાતામાં ટ્રાન્સફર કર્યા. જો કે, વૃદ્ધાને ટૂંક સમયમાં જ ખબર પડી કે તેની સાથે છેતરપિંડી થઈ છે અને તે પોલીસ પાસે ગઈ. મીડિયા અહેવાલો અનુસાર, બેંગલુરુ પોલીસ છેતરપિંડી કરનારાઓના બેંક ખાતામાંથી ૩૭ લાખ રૂપિયા જપ્ત કરવામાં સફળ રહી છે અને બાકીના પૈસા વસૂલવા માટે લીડ નાખવામાં આવી રહી છે. આ કેસની તપાસ કરી રહેલા એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ પત્રકારને છેતરવા માટે નકલી FedEx કુરિયર કૌભાંડ અપનાવ્યું હતું. છેતરપિંડીના આરોપમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. અમે બને તેટલા પૈસા વસૂલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આધુનિક ટેક્નોલોજી માનવ જીવનનો એક ભાગ બની રહી છે ત્યારે નવી નવી રીતે ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. આ પ્રકારની છેતરપિંડીથી પોતાને બચાવવા માટે તમારા માટે જાગૃત રહેવું મહત્વપૂર્ણ છે. સૌ પ્રથમ, વોટ્સએપ પર કોઈ અજાણ્યા નંબરથી કોલ રિસિવ કરશો નહીં. જો કોઈ તમને મોબાઈલ પર કોઈપણ એપ્લિકેશન ડાઉનલોડ કરવા અથવા કોઈપણ લિંક પર ક્લિક કરવાનું કહે, તો આવું બિલકુલ ન કરો. જો તમને તમારા ફોન પર ઓફર, લોટરી અથવા કોઈ અજાણ્યા પાર્સલ સંબંધિત કોઈ સંદેશ અથવા કોલ આવે છે, તો તેને સંપૂર્ણપણે અવગણો, કારણ કે તમે તેમના દ્વારા છેતરપિંડીનો શિકાર બની શકો છો.

## મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં વધુ એક ચિત્તા 'શૌર્ય'નું મોત થયું



**। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૧૭ ।**

મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં ૧૦માં ચિત્તાનું મોત થયું છે. આ વાતની પુષ્ટિ પાર્કના અધિકારીઓએ કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કુનો નેશનલ પાર્કમાં નામીબિયાથી લાવવામાં આવેલા ચિત્તાનું મોત થઈ ગયું છે. લાયન પ્રોજેક્ટના નિર્દેશકે કહ્યું છે કે મંગળવારે બપોરે લગભગ ૩ વાગ્યે ચિત્તાનું મોત થયું છે. સવારે ૧૧ વાગ્યે વન વિભાગની ટીમે શૌર્યને તેના વાડમાં બેભાન હાલતમાં મળ્યો હતો, ત્યારબાદ તેને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો, પરંતુ તેનો જીવ બચાવી ન શકાયો. અધિકારીઓએ કહ્યું કે ચિત્તાના પોસ્ટમોર્ટમ પછી જ ખબર પડશે કે મોતનું કારણ શું છે. તમને જણાવી દઈએ કે ચિત્તા પ્રોજેક્ટ શરુ થયા બાદ કુનો નેશનલ પાર્કમાં અત્યાર સુધી શૌર્ય સાથે ૧૦ ચિત્તાના મોત થયા છે. તમને જણાવી દઈએ કે ચિત્તા પ્રોજેક્ટની શરુઆત થઈ તે સમયે ૧૭ સપ્ટેમ્બરે નામીબિયાથી શૌર્યને અહીં લાવવામાં આવ્યો હતો.કુલ ૮ ચિત્તા નામીબિયાથી લાવવામાં આવ્યા હતા. આ પછી સાઉથ આફ્રિકાથી ૧૨ ચિત્તા લાવવમાં આવ્યા હતા. આ બધું ચિત્તા રિવાઈવલ કાર્યક્રમ હેઠળ કરવામાં આવ્યું હતું. ભારતમાં સંપૂર્ણપણે લુપ્ત થઈ ગયેલી આ પ્રજાતિને બચાવવા માટે આ ખાસ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

### ચીનની લોન એપ પર ભારત મોટી કાર્યવાહીની તૈયારીમાં

## ચાઈનિઝ લોન એપમાં છેતપિંડી પુરવાર થશે તો ખાતા ફ્રિઝ કરાશે

### મંત્રાલય સરળ લોન આપવાના નામે લોકોને છેતરવા બદલ ૬૬૫ કંપનીઓની સામે તપાસ કરી રહ્યું છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

ભારત સરકાર ચાઈનીઝ લોન એપ કંપનીઓ સામે મોટી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે, જેમાં ચાઈનીઝ લોન એપ કંપનીઓનું રજીસ્ટ્રેશન રદ કરી શકે છે તેમજ જો તપાસમાં છેતરપિંડી સાબિત થશે તો તે ખાતાને ફ્રીઝ પણ કરી શકે છે. એક વરિષ્ઠ સરકારી અધિકારી દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

આ મામલે કોર્પોરેટ અફેર્સ મંત્રાલયની ટીમ તેમનો પ્રાથમિક રિપોર્ટને અંતિમ સ્વરૂપ આપી રહી છે. આ ટીમો દ્વારા ગત વર્ષે ઘણી ચાઈનીઝ લોન કંપનીઓની ઓફિસો પર દરોડા પાડ્યા હતા અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આને





લઈને તપાસ રિપોર્ટને આખરી ઓપ આપી રહી છે.

મંત્રાલય સરળ લોન આપવાના નામે લોકોને છેતરવા બદલ ૬૬૫ કંપનીઓની સામે તપાસ કરી રહ્યું છે જેમાં ચાઈનીઝ લોન એપ કંપનીઓ પણ સામેલ છે. અધિકારીએ આ મામલે જણાવ્યું હતું કે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ચીનની લોન એપ્સ સામે પગલાં લેવા વિચાર કરી શકે છે, જેમાં ફંડને ફ્રીઝ કરવું અને તેમનું રજીસ્ટ્રેશન રદ કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

### ૨૦૨૦માં ગલવાન ખીણમાં અથડામણ થઈ હતી

## ગલવાન હિંસા બાદ ચીનના બે વખત હુમલા ભારતે નાકામ કર્યા

### સિક્કિમ સરહદે સ્પેશલ કોર્ટના એક અધિકારીએ ૫ દિવસ સુધી ચીનની સૈન્ય પ્રવૃત્તિઓ પરની જાણકારી આપી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

જૂન ૨૦૨૦ માં ગલવાન ખીણમાં થયેલી હિંસક અથડામણો બાદ ભારત અને ચીન વચ્ચે અનેક તબક્કાની વાતચીત થઈ હતી. જોકે અત્યાર સુધી બંને દેશો વચ્ચે સહમતિ સધાઈ નથી. આ દરમિયાન અહેવાલ મળી રહ્યા છે કે ચીનના સૈનિકોએ પૂર્વ લદાખમાં એલએસી પર બે વખત હુમલાનો પ્રયાસ કર્યો હતો. જોકે ભારતીય સૈનિકોએ તેમના નાપાક ઈરાદાઓ પર પાણી ફેરવી નાખ્યું હતું. અહેવાલ અનુસાર સિક્કિમ સરહદે સ્પેશલ કોર્ટના એક અધિકારીએ ૫ દિવસ સુધી ચીનની સૈન્ય પ્રવૃત્તિઓ પરની જાણકારી



આપી હતી. ચીનના આ નિષ્ફળ હુમલા જાન્યુઆરી અને નવેમ્બર ૨૦૨૨માં થયા હતા જ્યારે બંને દેશો વચ્ચે સૈન્ય ગતિરોધને ઉકેલવા માટે વાતચીત ચાલી રહી હતી. ઉલ્લેખનીય છે કે ભારતીય જવાનો દ્વારા હાથ ધરાયેલા આ ગુપ્ત સૈન્ય અભિયાનની માહિતી ત્યારે સામે આવી જ્યારે ગયા અઠવાડિયે ઈન્વેસ્ટિચર સેરેમની દરમિયાન સેનાના પશ્ચિમી કમાન્ડ અને સેન્ટ્રલ કમાન્ડે અજાણતામાં એક પ્રશસ્તિ પત્રમાં તેના વિશે જાહેરાત કરી દીધી. વેસ્ટર્ન કમાન્ડના પદગ્રહણ સમારોહનો વીડિયો યુટ્યુબ પર અપલોડ કરવામાં આવ્યો હતો. જોકે બાદમાં તેને હટાવી લેવામાં આવ્યો હતો. સેન્ટ્રલ કમાન્ડનો વીડિયો હજુ પણ યુટ્યુબ પર ઉપલબ્ધ છે. પશ્ચિમી કમાન્ડના જણાવ્યા અનુસાર ચીની સૈનિકોએ ૭ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ શીખ લાઈટ ઈન્ફન્ટ્રી સૈનિકોની એક પોસ્ટ પર હુમલો કર્યો હતો. પ્રશસ્તિપત્રમાં કહેવામાં આવ્યું છે કે ત્યાં તહેનાત યુનિટના એક સૈનિકે હિંમત દાખવી અને શત્રુઓ સાથે લડાઈમાં સામેલ થઈને હુમલાને નિષ્ફળ બનાવવામાં સફળ રહ્યો હતો.

## ચીને ઉંદરો પર કોવિડ જેવા નવા જીવલેણ વાયરસ પર પ્રયોગ કર્યો

**। (એજન્સી) બેઈજિંગ, તા.૧૭ ।**

હાલ ચીન કોવિડ જેવા નવા જીવલેણ વાયરસ પર પ્રયોગ કરી રહ્યું છે. આ વાયરસ ઉંદરો માટે ૧૦૦ ટકા ઘાતક છે. એવી આશંકા છે કે આ વાયરસ માનવીઓને પણ અસર કરી શકે છે. એક અખબારે એવો દાવો કર્યો છે કે ચીની સેનાના નિષ્ણાંત ડોકટરોએ 'પેંગોલિન કોરોના વાયરસ' નું પોતાનું સ્વરૂપ બનાવ્યું છે. ઉંદરો પર તેની શું અસર થાય તે જોવા તેમણે એક પ્રયોગ કર્યો. ચીની સેનાના નિષ્ણાંત ડોકટરોની ટીમે ઉંદરો પર પેંગોલિન કોરોના વાયરસ વેરિયન્ટનો પ્રયોગ કર્યો. તેણે પેંગોલિન કોરોના વાયરસ ઉંદરોને કેવી રીતે અસર કરે છે તે જોવા માટે ચાર ઉંદરોને સક્રિય વાયરસનો ડોઝ આપ્યો અને તેની સાથે અન્ય ચાર ઉંદરોને રાખવામાં આવ્યા. તેઓએ જોયું કે ૭-૮ દિવસમાં, તંદુરસ્ત ઉંદરો ચેપગ્રસ્ત ઉંદરોના સંપર્કમાં આવ્યા પછી ચેપનો શિકાર બન્યા હતા. તે પછી, ડોકટરોએ શોધી કાઢ્યું કે સંપૂર્ણ રીતે સંક્રમિત થયા પછી, પાંચ દિવસમાં તમામ ઉંદરોના વજનમાં નોંધપાત્ર ઘટાડો થયો.

## કેનેડામાં ભારતીય છાત્રોની સ્ટડી પરમીટમાં ૮૬ ટકાનો ઘટાડો

### ભારતે પરમિટની પ્રક્રિયા પૂરી કરનારા કેનેડાના રાજદ્વારીઓને દેશમાંથી બહાર કાઢી મૂક્યા હોઈ આ સ્થિતિ ઊભી થઈ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

ભારત-કેનેડા વચ્ચેના વિવાદ હવે પહેલા જેવા રહ્યા નથી. નિજ્જરની હત્યા બાદ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોના નિવેદન અંગે ભારતે કેનેડા સાથેના રાજકીય સંબંધો પર કડક વલણ અપનાવ્યું હતું. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં શિક્ષણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે કેનેડા જાય છે. જોકે તાજેતરના ઘટનાક્રમમાં ભારતીય વિદ્યાર્થીઓનો મોહભંગ થવાની વાત સામે આવી છે. અહેવાલ અનુસાર કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે પણ કહ્યું કે ભારતથી આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ભવિષ્યમાં વધશે તેની શક્યતા પણ ઓછી છે. કેનેડા જવા માગતા ભારતીય વિદ્યાર્થીઓને જે પરમિટ મળે છે તેમાં સતત ઘટાડો



થઈ રહ્યો છે. અહેવાલ અનુસાર લગભગ ૮૬ ટકા ઓછા ભારતીય વિદ્યાર્થીઓને પરમિટ મળી છે. કેનેડા સરકારના અધિકારીએ કહ્યું કે ગત વર્ષની છેલ્લી ત્રિમાસિકમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો એવું એટલા માટે થયું કેમ કે ભારતે પરમિટની પ્રક્રિયા પૂરી કરનારા કેનેડાના રાજદ્વારીઓને દેશમાંથી બહાર કાઢી મૂક્યા હતા. તેનું એક પરિણામ એ પણ હતું કે કેનેડામાં અભ્યાસ માટે અગાઉની તુલનાએ ખૂબ ઓછા વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. ઈમિગ્રેશન મંત્રી મિલર કહે છે કે બંને દેશો વચ્ચેના વણસેલા સંબંધોની અસર શિક્ષણ જગત પર થઈ રહી છે. વિવાદને લીધે ભારતથી ખૂબ ઓછા લોકો અરજી કરી રહ્યા છે. આ સાથે તેને પ્રોસેસ કરનારા અધિકારીઓની સંખ્યા પણ લગભગ અડધી થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે ગત ઓક્ટોબરમાં ૪૧ કેનેડિયન રાજદ્વારીઓને ભારતથી તગેડી મૂકાયા હતા.

સત્તાવાર માહિતી અનુસાર બંને દેશો વચ્ચે તંગદિલીને કારણે ગત વર્ષની ચોથી ત્રિમાસિકમાં ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવેલી પરમિટ ત્રીજી ત્રિમાસિકની તુલનાએ ૮૬ ટકા સુધી ઘટી ગઈ હતી એટલે કે જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કુલ ૧,૦૮,૯૪૦ પરમિટ આપવામાં આવી હતી.

## ગૌતમ અદાણી ૧૨૪૦૦ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કરશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

હિંડનબર્ગ રિસર્ચના આરોપોમાંથી બહાર આવેલા દિગ્ગજ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની ચર્ચા દેશની સાથે વિદેશમાં પણ થઈ રહી છે. દાવોસમાં ચાલી રહેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠક દરમિયાન પણ ગૌતમ અદાણી ચર્ચાનો વિષય બન્યા છે. ગૌતમ અદાણીએ તેલંગાણાના મુખ્યપ્રધાન સાથે મુલાકાત કરી અને તેલંગાણામાં ૧૨,૪૦૦ કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરી હતી. સીએમ રેવંત રેડ્ડી અને ગૌતમ અદાણી વચ્ચે ૪ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. હાલ તેલંગાણામાં કોંગ્રેસની સરકાર છે.



તેલંગાણામાં અદાણી ગ્રીન એનર્જી ૧૩૫૦ મેગાવોટ ક્ષમતાના બે પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સમાં ૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. અદાણી તેલંગાણામાં ડેટા સેન્ટર પણ બનાવશે, જેના માટે ૫,૦૦૦ કરોડ રૂપિયાના એમઓયુપર હસ્તાક્ષર કરવામાં આવ્યા. અદાણી ગ્રુપની સિમેન્ટ કંપની તેલંગાણામાં સિમેન્ટ ગ્રાઈન્ડીંગ યુનિટ સ્થાપવા માટે ૧૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. અદાણીની એરોસ્પેસ એન્ડ ડિફેન્સ કંપની કાઉન્ટર ડ્રોન સિસ્ટમ અને મિસાઈલ ડેવલપમેન્ટ અને મેન્યુફેક્ચરિંગ સેન્ટરોમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. દાવોસમાં સીએમ રેવંત રેડ્ડી અને ગૌતમ અદાણી વચ્ચે તેલંગાણામાં રોકાણ બાબતે લગભગ ૧ કલાક સુધી વાતચીત થઈ હતી. બેઠક બાદ રેવન્ત રેડ્ડીએ ખાતરી આપી કે, રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ્સ માટે તમામ પ્રકારની મદદ અને સુવિધાઓ આપશે. સાથે જ ગૌતમ અદાણીએ પણ કહ્યું કે, તેલંગાણામાં નવી સરકાર ઈન્વેસ્ટર્સ ફ્રેંડલી છે. અહીં વધારે રોકાણ થવું ખૂબ જરૂરી છે.

**વિશેષ** — અમદાવાદ જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સંપન્ન

# 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'એ અમદાવાદ જિલ્લાનાં તમામ ૪૬૯ ગામોમાં ફરીને સરકારી યોજનાઓના લાભ પહોંચાડ્યા

**। (માહિતી) અમદાવાદ ।**

કેન્દ્ર સરકાર દ્વારા છેવાડાના લોકો સુધી જનકલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડવા, તમામ લાભાર્થી તથા નાગરિકો સુધી યોજનાઓને પહોંચાડવા અને યોજનાઓની જાગૃતિ ફેલાવવાના લક્ષ્યાંક સાથે દેશભરમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આયોજન કરાયું છે. જે અંતર્ગત અમદાવાદ શહેર તથા જિલ્લામાં પણ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ઠેર ઠેર ફરી રહી હતી, જેનું ૧૭મી જાન્યુઆરીના રોજ સમાપન થયું છે.

અમદાવાદ જિલ્લાનાં દરેક ગામમાં વિકસિત ભારત રથનું ઉમળકાભેર સ્વાગત થયું હતું અને બહોળી સંખ્યામાં લોકોએ સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો ઘેર બેઠાં લાભ લીધો હતો. આજ દિન સુધી જિલ્લાના ૯ તાલુકાનાં તમામ ૪૬૯ ગામડાંઓમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ફરી ચૂકી છે, જેમાં ૨.૪૦ લાખથી વધુ લોકોએ વિકસિત ભારત સંકલ્પના શપથ લીધા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રાની સાથે દરેક ગામમાં હેલ્થ ચેકઅપ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો, જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. યાત્રા દરમિયાન ૧.૨૫ લાખ જેટલા લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. જિલ્લામાં ૧૫૦૦થી પણ વધુ મહિલાઓને પોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વધુમાં, ૧૬૦૦ જેટલા તેજસ્વી





યુવાનોને પણ સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત પાત્રતા ધરાવતા ૫૬,૦૦૦થી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવાની પ્રક્રિયા કરાઈ હતી, જેમાં ૪૦,૫૦૦૦ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડનું સ્થળ પર જ વિતરણ કરાયું હતું.

અત્યાર સુધીમાં ૮૬૦૦ જેટલા યુવાનોએ 'માય ભારત' પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

વધુમાં, યાત્રા દરમિયાન 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત ૧૪૬૫ જેટલા લાભાર્થીઓએ જાહેર મંચ પરથી પોતાને મળેલા લાભો વિશે સકારાત્મક પ્રતિભાવ આપી સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત અનેક ગામોમાં ડ્રોન નિદર્શન પણ યોજાયું હતું. સાથે સાથે તમામ ગામોમાં 'ધરતી કહે પુકાર કે' વિષય પર નાટક પણ રજૂ કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી વિશે જાણકારી અને જાગૃતિ વધારવા માટે તજજ્ઞોના વક્તવ્યો પણ યોજવામાં આવ્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી અમદાવાદ જિલ્લામાં ઠેર ઠેર વિવિધ યોજનાના લાભોની વણઝાર વરસી હતી. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેએ જણાવ્યું હતું કે, યાત્રા થકી જિલ્લામાં સર્વાંગી વિકાસ માટેનો પ્રયાસ કરવામાં આવ્યો. છેવાડાના લોકો સુધી યોજનાઓના લાભ પહોંચાડવા સમગ્ર વહીવટીતંત્ર પ્રતિબદ્ધ રહ્યું છે. જનકલ્યાણકારી યોજનાના લાભથી કોઈ વંચિત ન રહે એવા પ્રયાસો કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં તંત્ર દ્વારા કરવામાં આવ્યા હતા, એવું તેમણે ઉમેર્યું હતું. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લાઈવ સંવાદ અને વક્તવ્યો પણ લોકોએ ઉત્સાહભેર સાંભળ્યાં હતાં. અમદાવાદ જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ફીલ્ડમાં કામ કરનારા કર્મયોગીઓ સાથે વર્ચ્યુઅલી સંવાદ કર્યો હતો. વધુમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ, કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી ડો.મહેન્દ્રભાઈ મુંજપરા તથા રાજ્યના મંત્રીશ્રીઓ, સ્થાનિક સાંસદશ્રીઓ - ધારાસભ્યશ્રીઓ વગેરે મહાનુભાવો પણ આ યાત્રામાં સહભાગી થઈને પ્રજાનો અને તંત્રનો ઉત્સાહ વધાર્યો હતો. જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે, યાત્રાના નોડલ અધિકારી શ્રી અમિત પટેલ, પ્રાંત અધિકારીઓ, દરેક તાલુકાના ટીડીઓ, મામલતદાર સહિત સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઉમદા કામગીરી કરવામાં આવી હતી.

**ન્યૂઝ બ્રિફ**

## ગુજરાતમાં વિવિધ સ્થળોએ IT વિભાગના દરોડા પડ્યા

। ખેડા, તા.૧૭ ।

ફરી એકવાર ગુજરાતમાં ઈક્મટેક્સ વિભાગે વિવિધ સ્થળોએ તવાઈ બોલાવી છે. ઈક્મ ટેક્સ વિભાગે ગુજરાતમાં ખેડા, નડિયાદ અને આણંદના બે ગ્રુપ પર કાર્યવાહી હાથ ધરી છે.ઈક્મટેક્સ વિભાગ દ્વારા બે ગ્રુપ પર બેનામી વ્યવહારોની આશંકાના પગલે આ કાર્યવાહી કરવામાં આવી રહી છેૈં વિભાગની રેડના પગલે અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.ખેડા અને આણંદ જિલ્લામાં ઈક્મટેક્સ વિભાગે દરોડા પાડ્યા છે. નડિયાદમાં ગરમ મસાલાનો વેપાર કરતા એશિયન ગ્રુપ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે. સુરતનાૈં વિભાગે એશિયન ફૂડ ઈન્ડસ્ટ્રીઝમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. એશિયન ગ્રુપ સાથે સંકળાયેલા આણંદના નારાયણ ગ્રુપ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. નારાયણ ગ્રુપ રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે સંકળાયેલુ છે. બંને ગ્રુપના કુલ ૨૫ સ્થળો પર આવકવેરા વિભાગે સર્ચ શરુ કરીને કાર્યવાહી હાથ ધરી છે. તપાસના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળે તેવી સંભાવના છે.

## ભુજમાં અનમ રિંગ રોડ પર આવેલ શોપિંગ સેન્ટરમાં આગ લાગી

। (એજન્સી) કચ્છ, તા.૧૭ ।

ભુજમાં અનમ રિંગ રોડ પર આવેલા શોપિંગ સેન્ટરમાં ભીષણ આગ લાગી છે. મળતી માહિતી અનુસાર આ ઘટના મોડી રાત્રે બની હતી. જેની જાણ થતા તાત્કાલિક ફાયરબ્રિગેડ ઘટના સ્થળે આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જેમાં કેટલીક દુકાનના માલસામાનને નુકસાન થયુ છે. રાજ્યમાં અવારનવાર આગ લાગવાની ઘટના બને છે. ત્યારે આવી જ એક ઘટના કચ્છના ભુજમાં બની છે. ભુજમાં અનમ રિંગ રોડ પર આવેલા શોપિંગ સેન્ટરમાં ભીષણ આગ લાગી છે. મળતી માહિતી અનુસાર આ ઘટના મોડી રાત્રે બની હતી. જેની જાણ થતા તાત્કાલિક ફાયરબ્રિગેડ ઘટના સ્થળે આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જેમાં કેટલીક દુકાનના માલસામાનને નુકસાન થયુ છે.

## વડોદરામાં સરકારી અનાજની દુકાનોમાં કાળાબજારી સામે આવી

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

વડોદરા શહેર તેમજ જીલ્લામાં આવેલી પંડીત દિનદયાળ ગ્રાહક સસ્તા અનાજની દુકાનનાં સંચાલકો દ્વારા કાળાબજારી કરતી રેશનિંગનાં દુકાનધારકો સામે કડક કાર્યવાહીના આદેશ આપતા સસ્તા અનાજની દુકાનનાં સંચાલકોમાં દોડાદોડ થઈ જવા પામી હતી. મળતી માહિતી મુજબ તાજેતરમાં જ વડોદરા ખાતે જીલ્લા સંકલન સમિતિનિ બેઠક મળી હતી. જેમાં સસ્તા અનાજનાં દુકાનધારકો દ્વારા કરવામાં આવતી કાળાબજારીને લઈ અનેક ફરિયાદો થતાં જ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા આ બાબતે ગંભીરતાથી નોંધ લઈ ગેરરીતી કરનારા દુકાનદારો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ૩૨ જેટલી રેશનિંગના દુકાનધારકો સામે કડક કાર્યવાહીનાં આદેશ કરાયા છે.



નવરંગપુરા પોલીસ સ્ટેશન પાસે પબ્લિકને EVM નુપ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું

રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી અકસ્માતની ઘટનામાં વધારો

## સુરેન્દ્રનગરમાં ડમ્પર પાછળ કાર ઘૂસી જતાં ત્રણનાં મોત

। અમદાવાદ, તા.૧૭ ।

રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી અકસ્માતની ઘટનામાં વધારો થઈ રહ્યો છે ત્યારે આજે વધુ એક અકસ્માતની ઘટના સુરેન્દ્રનગરમાં બની છે જેમાં ડમ્પર પાછળ કાર ઘૂસી જતા અકસ્માત સર્જાયો છે. સૂત્રોમાંથી મળતા અહેવાલ મુજબ આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે.

અકસ્માતની વધુ વિગતો મુજબ સુરેન્દ્રનગરના મુળી-સરારોડ પર સરલા નજીક કોલસા ભરેલા ડમ્પર પાછળ કાર ઘૂસી જતા ભયાનક અકસ્માતની દુર્ઘટના સર્જાઈ છે, આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. ત્રણેય મૃતદેહોને નજીકની હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા છે. હાલ તમામ મૃતકોની ઓળખ થઈ નથી. અકસ્માત એટલો ગંભીર હતો કે કારના આગળનો ભાગ બુકડો બોલી ગયો હતો. અકસ્માતની ઘટનાને પગલે રોડ પર ટ્રાફિક જામ થયો હતો. હાલ આ ઘટનાની જાણ થતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. હજુ ગઈકાલે જ ઉપલેટાના ભાજપના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા અને રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી રવિભાઈ માકડીયા રાજકોટથી ગાંધીનગર જઈ રહ્યા હતા, ત્યારે લીંબડી નજીક રસ્તા પર મૃત પડેલી ભેંસ સાથે તેમની કાર અથડાઈ જતાં આખી કાર પલટી ગઈ હતી.

કામરેજ વિસ્તારમાં હલધરૂની ક્રિષ્ના સ્કૂલની ઘટના

## સુરતના કામરેજ સ્થિત શાળાના આચાર્યએ વિદ્યાર્થીને માર માર્યો

### વિદ્યાર્થી સ્કૂલમાં આઈકાર્ડ પહેરીને ન આવતા આચાર્યએ બાળકને સજા કરી હોવાનું જાણવા મળી રહ્યું છે

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

સુરતનાં કામરેજ વિસ્તારમાં હલધરૂની ક્રિષ્ના સ્કૂલમાં ધો. ૩ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને શાળાનાં આચાર્યએ માર મારતો મામલો ગરમાઈ જવા પામ્યો હતો. બાળક દ્વારા સ્કૂલમાં આઈકાર્ડ પહેરીને ન આવતા શાળાનાં આચાર્યએ સજા કરી હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે. રાજ્ય શિક્ષણ કાર્યાલયનાં પરિપત્રનાં નિયમોને શાળાએ ઘોળી પીધા છે. ૧૨ વર્ષીય વિદ્યાર્થીને માર મારતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. વિદ્યાર્થીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કર્યા બાદ વાલી શાળાએ પહોંચ્યા હતા. વાલીએ આચાર્ય વિરૂદ્ધ પોલીસ મથકે અરજી આપી છે. આ સમગ્ર મામલે વિદ્યાર્થીનાં પિતા તુનાકુમારે જણાવ્યું હતું કે, મારા બે બાળકો ક્રિષ્ના સ્કૂલમાં ભણે છે. જેઓ તા. ૧૦ ના રોજ સ્કૂલ ખાતે ભણવા આવ્યા હતા. ત્યારે પ્રિન્સિપાલે મારા બંને બાળકને પગે ફટકાથી મારી પગ બંને સુઝી ગયા છે. ત્યારે એક બાળકને ખૂબ જ માર મારવામાં આવ્યો છે. ત્યારે આ બાબતે પ્રિન્સિપાલે જો મને જાણ કરી હોત કે તમારૂ બાળક આઈકાર્ડ પહેર્યા વગર આવ્યો છે તો અમે આઈકાર્ડ બાળકને આપી જાત પરંતુ આ બાબતે પ્રિન્સિપલ દ્વારા કોઈ જાતની જાણ કરવામાં આવી નથી. બાળકનો પગ હજુ સુધી સુજેલો છે. તેમજ કામરેજ પોલીસ મથકે અમે અરજી આપી છે. ત્યારે પોલીસ દ્વારા આ બાબતે કંઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. આ બાબતે યુવકની માતા ડોલીબેને જણાવ્યું હતું કે, ૧૦ તારીખે મારા દિકરાને આ સ્કૂલનાં પ્રિન્સિપાલ કાંતિભાઈ પટેલે દંડાથી માર માર્યો હતો. આઈકાર્ડને લઈ છોકરાને માર માર્યો હતો. આવું ન થવું જોઈએ.

ગિફ્ટ સિટીને ઊભરતા ગ્રીન હાઈડ્રોજન અર્થતંત્રના અગ્રીમ મોરચે મૂકશે

## ગિફ્ટ સિટીમાં ગ્લોબલ હાઈડ્રોજન ટ્રેડિંગ માટે મિકેનિઝમ વિકસાવવા MOU થયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ગિફ્ટ સિટી સેઝ ભારતમાં નોટિફાઈડ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટર છે. હાલ ગિફ્ટ સિટી આઈએફએસસીમાં બેંકિંગ, ઈન્શ્યોરન્સ, કેપિટલ માર્કેટ્સ, એસેટ મેનેજમેન્ટ અને ફિનટેક વર્ટિકલ્સ કાર્યરત છે. આ ઉપરાંત, ગોલ્ડ અને સિલ્વર જેવી કોમોડિટીઝના પણ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ થકી મોટાપાયે સોદા થાય છે. ગિફ્ટ સિટી ખાતેના ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટરે ગ્લોબલ હાઈડ્રોજન ટ્રેડિંગ પ્લેટફોર્મ ઊભું કરવા માટે ઈન્ડિયન ગેસ એક્સચેન્જ અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન સાથે વ્યૂહાત્મક સહયોગની જાહેરાત કરી હતી. વિશ્વભરમાં આ પ્રકારની સૌ પ્રથમ એવી આ પહેલ ગિફ્ટ સિટીને ઊભરતા ગ્રીન હાઈડ્રોજન અર્થતંત્રના અગ્રીમ મોરચે મૂકશે. આ સહયોગનું મહત્વનું પાસું હવે પછી લોન્ચ થનારો ગ્લોબલ હાઈડ્રોજન પ્રાઈઝ ઈન્ડેક્સ છે. આ એક એવો બેન્ચમાર્ક છે જે ભારતમાં ઊભરતા ગ્રીન હાઈડ્રોજન માર્કેટમાં પ્રાઈઝ ડિસ્કવરી અને માર્કેટ ઈન્ફોર્મેશનમાં મહત્વની ભૂમિકા ભજવશે.

આદિવાસી સમાજના ૧૫થી ૨૦ હજાર લોકો કામ કરી રોજી રોટી મેળવે છે

## ડોલોમાઈટ સાથે સંકળાયેલા ઉદ્યોગોના માલિકો અચોક્કસ મુદ્દતની હડતાળ પર

### ફેક્ટરીઓ પણ બંધ થતાં શ્રમિકો સાથે ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ લોકોને માઠી અસર પહોંચી છે

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૧૭ ।

આદિવાસી બાહુલ્ય ધરાવતા આ જિલ્લામાં મોટે ભાગે આદિવાસી સમાજના ૧૫થી ૨૦ હજાર લોકો ડોલોમાઈટની ખાણો અને ફેક્ટરીઓમાં કામ કરી રોજી રોટી મેળવે છે. છોટાઉદેપુરમાં ડોલોમાઈટ પથ્થરની ૩૦ જેટલી ખાણો અને ૧૨૫ જેટલી પથ્થરમાંથી પાઉડર બનાવવાની ફેકટરીઓ આવેલી છે. જે બંધ થતા લોકોની રોજી બંધ થઈ છે. ગુજરાત સરકારના ખાણ ખનીજ વિભાગે, ડોલોમાઈટનું વહન કરતા વાહનો પર જીપીએસ લગાવવાના કરેલા નિર્યણનો વિરોધ થઈ રહ્યો છે. છોટા ઉદેપુરમાં ડોલોમાઈટની ખાણની લીઝ ધારકોએ ડોલોમાઈટના ભાવમાં કરેલા વધારાના વિરોધમાં અચોક્કસ મુદતની હડતાળ પાડી છે. પહેલાથી જ ખાણ ધારકો ભાવ વધારાની માગ સાથે છેલ્લા ૧૫ દિવસથી હડતાળ પર છે, ત્યારે હવે ફેક્ટરીઓ પણ બંધ થતાં શ્રમિકો સાથે ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ લોકોને માઠી અસર પહોંચી છે. આદિવાસી બાહુલ્ય ધરાવતા આ જિલ્લામાં મોટે ભાગે આદિવાસી સમાજના ૧૫થી ૨૦ હજાર લોકો ડોલોમાઈટની ખાણો અને ફેકટરીઓમાં કામ કરી રોજી રોટી મેળવે છે. છોટાઉદેપુરમાં ડોલોમાઈટ પથ્થરની ૩૦ જેટલી ખાણો અને ૧૨૫ જેટલી પથ્થરમાંથી પાઉડર બનાવવાની ફેકટરીઓ આવેલી છે. જે બંધ થતા લોકોની રોજી બંધ થઈ છે.જેના કારણે શ્રમિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. તો ડોલોમાઈટ ફેક્ટરી બંધ થતાં આદિવાસી સમાજના લોકો માટે રોજગારીનો સવાલ ઉભો થયો છે.

## માંડલ મોતિયા ઓપરેશન કેસમાં હાઈકોર્ટની હેલ્થ સેક્રેટરીને નોટિસ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદના માંડલમાં મોતિયાના ઓપરેશનમાં બેદરકારી સામે આવ્યા બાદ હવે આ મામલે હાઈકોર્ટની સુઓમોટો પિટિશન દાખલ કરીને હેલ્થ સેક્રેટરી અને અમદાવાદ ગ્રામ્ય એસપીને નોટિસ પાઠવવામાં આવી છે. સમાચારોના અહેવાલને આધારે ન્યાયાધિશ એ.એસ.સુપેહિયા અને ન્યાયાધિશ વિમલ વ્યાસની બેન્ચે સુઓમોટો સંજ્ઞાન લઈને આ મામલે સરકારને પ્રાથમિક તપાસ રિપોર્ટ સોંપવા આદેશ કર્યો છે. આ સુઓમોટો ૭મી ફેબ્રુઆરીએ ચીફ જજની કોર્ટમાં રજૂ થશે. આ મામલે કોર્ટે નોંધ્યું કે સમાચારમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં અમદાવાદના વિરમગામની માંડલ હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ બેદરકારીથી કેટલાક લોકોએ દ્રષ્ટિ ગુમાવી હતી. આ ઓપરેશન બાદ ૧૫થી વધુ દર્દીઓને ઈન્ફેક્શન લાગ્યાની ફરિયાદ પણ કરવામાં આવી હતી. લોકોએ જ્યાં ઓપરેશન કરાવ્યું હતું તે રામાનંદ હોસ્પિટલ સેવાનિકેતન ટ્રસ્ટ દ્વારા ચલાવાય છે. ઓપરેશન દરમિયાન ફેસિલિટીમાં ખામી હતી કે મેડિકલ ઈક્વીપમેન્ટની સાર સંભાળ રાખવામાં આવી નહોતી કે પછી આઈ ડ્રોપ હલકી ગુણવત્તાના હતા? આ મામલે હજુ સુધી મેડિકલ કર્મી સામે પોલીસમાં ફરિયાદ થઈ નથી. કોર્ટે કહ્યું કે આ મામલે પીડિતોને યોગ્ય ચૂકવવામાં આવે.

રાજકોટમાં આવી જ એક આગ ઘટના બની

## વિંછીયા-જસદણ રોડ પર રેતી ભરેલી ટ્રકમાં આગ લાગી

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

રાજકોટના વિંછીયા - જસદણ રોડ પર રેતી ભરેલી ટ્રકમાં આગ લાગી છે. BOI બેંક સહિત ૧૦ જેટલી દુકાનદારોને ભારે નુકસાન થાય તેવી સંભાવના છે. તેમજ વિકરાળ આગ લાગતા ટ્રક સળગીને ખાખ થયો છે. મળતી માહિતી અનુસાર ટ્રકમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં અવારનવાર આગ લાગવાની ઘટના બને છે. ત્યાં રાજકોટમાં આવી જ એક આગ ઘટના બની છે. રાજકોટના વિંછીયા – જસદણ રોડ પર રેતી ભરેલી ટ્રકમાં આગ લાગી છે. BOI બેંક સહિત ૧૦ જેટલી દુકાનદારોને ભારે નુકસાન થાય તેવી સંભાવના છે. તેમજ વિકરાળ આગ લાગતા ટ્રક સળગીને ખાખ થયો છે. મળતી માહિતી અનુસાર ટ્રકમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

## પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનારો આરોપી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદના ભાડજ વિસ્તારમાં પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરવાની ઘટના સામે આવી છે. ચોકલેટની લાલચ આપીને નાની બાળકીને દુષ્કર્મ આચર્યુ હતુ. બાળકીને ગુપ્ત ભાગ પર ઈજાઓ પહોંચી હતી અને લોહી વહેવા લાગતા સારવાર માટે ખસેડાઈ હતી. સોલા પોલીસે ઘટનાને લઈ આરોપી યુવકની ધરપકડ કરી છે. અમદાવાદ શહેરમાં ભાડજ વિસ્તારમાં એક બાળકી પર દુષ્કર્મ ગુજારવાની ઘટના સર્જાઈ છે. ભાડજ વિસ્તારમાં એક કન્સ્ટ્રક્શન સાઈટનું કામ ચાલતુ હતુ, જેમાં કડીયા કામ કરતા શ્રમિકે એક બાળકી પર દુષ્કર્મ આચર્યુ હતુ. યુવકે બાળકીને ચોકલેટની લાલચ આપીને પોતાની સાથે ઉપાડી ગયો હતો.

## ઠાસરા પ્રાથમિક શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં કૌભાંડ થયું

। (એજન્સી) ખેડા, તા.૧૭ ।

ખેડા જિલ્લાના ઠાસરાની પ્રાથમિક શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં કૌભાંડ થયુ હોવાનું સામે આવ્યુ છે. શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં ૨.૧૨ કરોડ રુપિયાની ગેરરીતિ થઈ હોવાનું સામે આવ્યુ છે. મળતી માહિતી પ્રમાણે જાણ કર્યા વિના જ ૨૬ શિક્ષકોના નામે ખોટી લોન અને ખોટી એન્ટ્રીઓ પાડવામાં આવી છે. ખેડા જિલ્લાના ઠાસરાની પ્રાથમિક શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં કૌભાંડ થયુ હોવાનું સામે આવ્યુ છે. શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં ૨.૧૨ કરોડ રુપિયાની ગેરરીતિ થઈ હોવાનું સામે આવ્યુ છે. મળતી માહિતી પ્રમાણે જાણ કર્યા વિના જ ૨૬ શિક્ષકોના નામે ખોટી લોન અને ખોટી એન્ટ્રીઓ પાડવામાં આવી છે. પૂર્વ પ્રમુખ અને પૂર્વ મંત્રીએ ભેગા મળીને આ સમગ્ર કૌભાંડ રચ્યુ હોવાની માહિતી મળી છે.ઠાસરાની પ્રાથમિક શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં કરોડોના કૌભાંડમાં રાજકારણીઓના નામ સામે આવ્યા છે. પૂર્વ પ્રમુખ ગોકળ ઠાકોર, પૂર્વ મંત્રી અજિત ઝાલા, ક્લાર્ક પંકજ પરમાર દ્વારા આ કૌભાંડ રચવામાં આવ્યુ હોવાનું સામે આવ્યુ છે, ત્યારે તેમની સામે કડક કાર્યવાહી કરવાના આદેશ અપાયા છે. જિલ્લા રજિસ્ટ્રારે આ લોકો પાસેથી તમામ રકમ વસૂલવા હુકમ પણ કર્યો છે. જિલ્લા રજિસ્ટ્રારે પૂર્વ પ્રમુખ પાસેથી કુલ ૧ કરોડ ૭૦ લાખ ૩૮૬ રૂપિયા વસૂલવા આદેશ આપ્યો છે. પૂર્વ મંત્રી અજીત ઝાલા પાસે ૩૧ લાખ ૭૦ હજાર ૩૮૬ રૂપિયા વસૂલવા જણાવ્યુ છે.







## કામરેજમાં ત્રણ ઈસમોએ એક હોટેલ સંચાલક સહિત બે લોકો પર ચપ્પુ વડે હુમલો કર્યો

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

સુરત જિલ્લામાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. કામરેજમાં ત્રણ ઈસમોએ એક હોટલ સંચાલક સહિત બે લોકો પર ચપ્પુ વડે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મારામારીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. જૂની અદાવતમાં ચપ્પુ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ભરચક વિસ્તારમાં ચપ્પુ વડે હોટલ સંચાલક પર હુમલો થતા નાસભાગ મચી ગઈ હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨